Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૭ • તા. ૨૦ એપ્રિલ થી ૨૬ એપ્રિલ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## સ્વસ્તિક ગ્રુપ-ડોંબીવલી આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટ
## તા. ૧૪.૪.૧૩ના જ્ઞાતિસ્તરે ૮ ટીમોએ ભાગ લઈ રમતગમત ક્ષેત્રે યુવા પ્રતિભા દાખવી



ટુર્નામેન્ટ પ્રારંભે દીપ પ્રાકટ્ય કરતાં મા. ખમાવંતી ચીમનલાલ ખોના પરિવાર અને અગ્રણીઓ



શ્રી સ્વસ્તિક કપ-૨૦૧૩ અને અન્ય ઈનામો-ટ્રોફીઓ



શ્રીફળ વધેરી શુભારંભ કરતા શ્રી શૈલેષ ખોના



ગ્રુપ દ્વારા શ્રી શૈલેષ ખોનાનું બહુમાન



MLA શ્રી રવિન્દ્ર ચૌહાણનું બહુમાન કરતા શૈલેષ ખોના



પોલીસવડા શ્રી ગાયકવાડનું બહુમાન કરતા શૈલેષ ખોના



રસપ્રદ મેચ નિહાળતા મહાનુભાવો



શ્રી શૈલેષ ખોના, ચંદ્રેશ ખોના અને મૌર્યા ઇલેવન ટીમ



મેચનો આનંદ માણતા શ્રી શૈલેષ ખોના



બેસ્ટ બોલર ટ્રોફી વિજેતા હિતેશ મોમાયા



બેસ્ટ બેટ્સમેન ઈનામ લેતા નેવિલ લોડાયા



મેન ઓફ ધ સીરીઝ અંકિત લાપસીયાને ઈનામ



રનર અપ ટીમ-એક્ઝીમ ઈલેવન



સ્વસ્તિક કપ વિજેતા રામાપીર ઈલેવન



સ્વસ્તિક ગ્રુપના કાર્યકરો

# પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



૩૦.૧૧.૧૯૪૩
મનુષ્ય ગતીમાં અવતરણ

૨૮.૪.૨૦૧૨
મોક્ષ ગતી ઉર્ધ્વારોહણ

## શ્રી મહેન્દ્ર કરમશી વિકમશી
(જખૌ-વડોદરા)

*પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય, મસ્તક ઝુકે ને આપને વંદન થઈ જાય,*
*એવી નજર ક્યાંથી લાવીએ કે, યાદ કરીએ ને આપના દર્શન થઈ જાય !*

જેમના પર મા લક્ષ્મી અને મા સરસ્વીતીની અસીમ કૃપા હતી, વટવૃક્ષ સમાન આપના વિશાળ કુટુંબ પ્રત્યે આપની લાગણી, નિષ્ઠા એવા આપ વાત્સલ્યમૂર્તિ, ધર્માનુરાગી દિવ્ય આત્માની આજે ખોટ સાલે છે.

આપશ્રી જીવનમાં પોતાનો સ્વતંત્ર વ્યવસાય અને શાસ્ત્રીય સંગીતનો શોખનો સંગમ સાધી શક્યા અને બન્નેમાં સંતુલન જાળવી સફળતા પ્રાપ્ત કરી. મુંબઈના 'સીડનહામ' કોલેજથી સ્નાતક થઈ પરિવારના 'રૂ'નો ધંધો વિકસાવ્યો, પછી વડોદરામાં 'મલ્ટીકલર ઓફસેટ પ્રીંટીંગ' નો સ્વતંત્ર ધંધો શરૂ કરીને વિકસાવ્યો. આવી વ્યસ્ત જીવનશૈલીમાં પણ શાસ્ત્રીય સંગીતનો શોખને જાળવ્યો. તેઓ All India Radio Door Darshan તથા ગુજરાત રાજ્ય નાટ્ય એકેડેમીના ઉચ્ચ કોટીના કલાકાર રહ્યા. તેમને વિખ્યાત બૈજુ સંગીત અને તાનારીરી સંગીત સભા અને તેમજ અન્ય સંગીત સભાઓમાં કાર્યક્રમો આપ્યા છે. તેઓ રોટરી ક્લબના અગ્રેસર સભ્ય રહ્યા અને વડોદરા ક.દ.ઓ. મહાજનના અગ્રણી ટ્રસ્ટી રહ્યા.

''ઈચ્છાઓ પૂરી થાય આપની એજ પુષ્પાંજલી આપને,
આપના આત્માને પૂર્ણ શાંતિ મળે એજ ભાવાંજલિ આપને''

આપના સ્મૃતીદિપને પ્રજ્વલીત રાખનાર...

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | કુસુમ (કલ્પના) મહેન્દ્ર વિકમશી |
| પુત્ર | : | જય મહેન્દ્ર વિકમશી |
| દિકરી-જમાઈ | : | હિરલ જીગ્નેશ વિરેન્દ્ર મૈશેરી (અમદાવાદ-મોટી સીંધોડી) |
| -''- | : | ડિમ્પલ મુલરાજ કલ્યાણજી છેડા (ઘાટકોપર-નલીયા) |
| -''- | : | સ્નેહલ ધર્મેશ રજનીકાંત નાગડા (ચુનાભટ્ટી-તેરા) |
| દોહિત્ર | : | યશ, મોહનીશ અને ચૈત્ય |

એવમ્

**શ્રી કરમશી હીરજી વિકમશી પરિવાર (જખૌ-વડાલા)**
**સાસરા : શ્રી ગોવિંદજી જેવત ખોના પરિવાર (નલીયા-માટુંગા)**
**: શ્રી શીવજી જીવરાજ કારાણી પરિવાર (સુથરી-ગદગ)**

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 17 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સંવાદના વાતાવરણને સંગીન બનાવીએ...

ઘણી વખત, ખાસ કરીને સમાજ જીવનમાં લોકો રાજકારણીઓમાં પ્રચલિત કૂટનીતિ અપનાવે ત્યારે મહત્ત્વની વાતોના ખુલાસા થતા નથી અને ગુંચવાડાઓનો ગુણાકાર થયા કરે છે.

તેનાથી વિપરિત લોકો સંવાદની નીતિ અપનાવે છે અને અનાયાસે પણ ગુંચવાયેલી ઘણી બાબતોના ખુલાસા થતા રહે છે જેનાથી સંવાદનું વાતાવરણ વધુને વધુ સંગીન બનતું જાય છે.

કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિમાં પણ કદાચ આમ જ થઈ રહ્યું છે. અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ સભા (૧૨.૪.૨૦૧૩) બોલાવી સંવાદના તખ્તો ગોઠવ્યો તે પહેલાં કેટલાક અગ્રણીઓએ શામ-દામ-દંડ-ભેદની નીતિ અપનાવી હોવાથી ગુંચવાડાઓનો ગુણાકાર થતો રહેલો, જ્યારે એ સભા પછી સંવાદના વાતાવરણમાં અનાયાસે થયેલા ખુલાસાઓથી વિવાદનો ભાગાકાર થઈ સંવાદનું વાતાવરણ સંગીન બની રહ્યું છે.

અનાયાસે થયેલ પહેલો ખુલાસો અનંત યુવાશક્તિનો જ્ઞાતિ માટે રૂા.૧૦૦ કરોડનું ભંડોળ કરવા ધાર્યું તેના હેતુ માટેનો છે. સભામાં ખુલાસો થયો તે પ્રમાણે અનંત યુવાશક્તિનું માનવું હતું કે શિક્ષણ એ સૌથી વધુ ધ્યાન માગતું અગ્રતાનું ક્ષેત્ર છે કેમકે શિક્ષણથી સજ્જતા મેળવી વ્યક્તિ તેના બધા પ્રશ્નો ઉકેલી શકે છે. જરૂરતમંદોનું જીવન ઓછી મુશ્કેલીવાળું બનાવવા જરૂર પડ્યે તબીબી સહાય કે સાધર્મિકને પણ પ્રાધાન્ય આપવું જોઈએ. તેમના મતે અનંતનાથ ટ્રસ્ટ જેવા ધાર્મિક ટ્રસ્ટે જેમાં અનેક પ્રકારના નૈતિક-અનૈતિક વ્યવહાર આવતા હોય તેવા બાંધકામના ક્ષેત્રમાંથી ખસી જવું જોઈએ.

આ સંબંધમાં અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ બોલાવેલી જ્ઞાતિસભામાં જ્ઞાતિ તરફથી વિવિધ આગેવાનો અને જ્ઞાતિજનોએ સાફ કહ્યું કે જ્ઞાતિ પોતાની બધી સંસ્થાઓમાં અનંતનાથ ટ્રસ્ટ પાસે સૌથી વધુ અનુકૂળતા હોવાથી તે જ્ઞાતિના સામાન્ય માણસ માટે પહોંચ બહાર થઈ રહેલા રહેઠાણ અંગે જ્ઞાતિ પરંપરા પ્રમાણે સક્રિય રહે એટલું જ નહીં તેને અગ્રતા યાદીમાંની પ્રથમ અગ્રતા ગણે.

સંવાદનું વાતાવરણ હતું એટલે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પૂછાવ્યું કે જ્ઞાતિજનોની રહેઠાણ સમસ્યા ઉકેલવા જેમાં નૈતિક-અનૈતિક વ્યવહાર કરવો પડે અને વિશેષ પ્રકારની પ્રોફેશનલ સજ્જતા જોઈએ તેનું શું?

આ સંબંધમાં જાણકાર જ્ઞાતિ આગેવાનોએ કહ્યું કે સાચી વાત છે રહેઠાણ સમસ્યાના ઉકેલ માટે પ્રોફેશનલ સજ્જતાની જરૂર છે. પણ આ વખતની અનંતનાથ ટ્રસ્ટ માટેની અનંત યુવાશક્તિ પેનલની રચના જ આ સજ્જતાની જરૂરતને ધ્યાનમાં રાખીને થઈ હતી. અને હજુ ઘટતું કરવાની જરૂર હોય તો મિલકતોના વહીવટ માટેના સ્વતંત્ર પ્રોફેશનલ માળખાની વાત જ્ઞાતિએ વિચારવી જોઈએ.

આના પ્રતિભાવમાં જ્ઞાતિજનોએ જણાવ્યું કે જે કરવું હોય તે અનંતનાથ ટ્રસ્ટની અગ્રતાઓમાં જ્ઞાતિની રહેઠાણ સમસ્યા ઉકેલવા પ્રયત્ન કરવાનો સમાવેશ હતો અને રહેવો જ જોઈએ.

અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ બોલાવેલી સભામાં બીજો મહત્વનો ખુલાસો એ સંબંધે હતો કે જે વાત કોર્ટે ચડી હોય તે બાબતની જાહેર ચર્ચા થઈ શકે કે નહીં?

જાણકારોએ એવો મત દર્શાવ્યો કે ન થઈ શકે. પણ એકંદર સભાએ એવું વલણ અપનાવ્યું કે કોર્ટે ચઢેલી બાબત અંગે પણ વિવાદના મુખ્ય મુદ્દા ટાળી અન્ય મુદ્દાઓ અંગે ચર્ચા કરી શકાય. કરી શકાય એટલું જ નહીં કરવી જ જોઈએ. કેમકે આમ કરવાથી જ વિવાદના મુદ્દા તથા સહમતીના મુદ્દા શું છે તેની સમજ કેળવાશે જે વિવાદને ઉકેલવા સંવાદ કરવા તરફ દોરી જશે.

આ સંબંધે હાઈકોર્ટમાં થઈ રહેલ રજૂઆતોમાં ચેરીટી કમિશનર સ્તરે ગુંચવાતા રહેલા જે મુદ્દા અનાયાસે ઉકેલાઈ ગયા તેનો ઉલ્લેખ સંવાદના વાતાવરણને સંગીન બનાવવા મહત્ત્વના ગણાશે.

ચેરીટી કમિશનર સ્તરે અનંતનાથ ટ્રસ્ટની સ્કીમની કલમ ૧૯(ઓ) અનુસાર અનંતનાથ ટ્રસ્ટે સાનુકૂળતા હોય તો રહેઠાણ સમસ્યા ઉકેલવા સક્રિય રહેવું જોઈએ એ બાબત ટ્રસ્ટનો હેતુ છે કે આ કલમ માત્ર વધારાના રોકાણ અંગે માર્ગદર્શન આપવા માટેની છે એ બાબત ખાસ્સો વિવાદ થયેલો. દરમિયાન જ્ઞાતિ સભા મળી ન હોવાથી આ બાબત ખુલાસો થયો નહોતો. હવે જ્યારે જ્ઞાતિ સભા મળી અને ખુલાસો થયો કે અનંતનાથ ટ્રસ્ટે રહેઠાણ સમસ્યાના ઉકેલને અગ્રતા યાદીમાં પહેલી અગ્રતા ગણવાની છે એટલે એ આખો વિવાદ લગભગ ઉકેલાઈ ગયો છે, તેમ માની શકાય.

તેવી જ રીતે ચેરીટી કમિશનર સ્તરે ટ્રસ્ટીઓએ પોતાની અરજીમાં જણાવ્યું તે પ્રમાણે ડેવલપમેન્ટ રૂલ્સની કલમ ૩૩(૭) હેઠળ (મુંબઈમાંની જર્જરિત બિલ્ડીંગ અંગે મકાન માલિક કંઈ ન કરે તો ભાડુતો ૭૦% બહુમતી સાથે મ્હાડાને જણાવી પોતે પુનર્વસન માટે તે આખી મિલકત મ્હાડા પાસે અધિગ્રહણ કરાવી આગળ વધી શકે અથવા મ્હાડાને જ અધિગ્રહણ કરી પુનઃબાંધકામ કરવાનું સૂચવી શકે એ સંબંધી કલમ) અનંતછાયાને લાગુ પડે છે કે નહીં એ બાબત ચેરીટી કમિશનર સ્તરે બહુ વાદવિવાદ થયો તથા ચેરીટી કમિશનરે પણ ટ્રસ્ટીઓની વાત માની ઉક્ત નિયમન ૩૩(૭) અનંતછાયાને લાગુ પડે છે તેથી ટ્રસ્ટને કાંઈ ન મળે તેને બદલે ટ્રસ્ટીઓએ જે ઉપાય યોજના કરી છે તેમાં ૪૫ કરોડ જેટલી રોકડ રકમ તથા દેરાસર અને ઉપાશ્રય મળે છે એ વ્યાજબી છે, એવો ચૂકાદો આપ્યો.

હાઈકોર્ટ સ્તરે આ મુદ્દાની છણાવટ નીકળી ત્યારે ટ્રસ્ટીઓના તથા ડેવલપરના વરિષ્ઠ વકીલો (કાઉન્સેલ) એ આ બાબત ટ્રસ્ટીઓ અને ચેરીટી કમિશનરની ભૂલ કે ગેરસમજ થઈ છે અને ઉક્ત ડેવલપમેન્ટ રેગ્યુલેશન ૩૩(૭) અનંતછાયાને લાગુ પડતો નથી તે બાબત ટ્રસ્ટીઓ વતી ખેલદિલીપૂર્વક સ્વીકારી. આમ હાઈકોર્ટ સ્તરે કોઈપણ ગેર રજૂઆત કેટલી હાનિકારક નીવડી શકે તે ટ્રસ્ટીઓએ કદાચ પહેલીવાર અનુભવી હોય એમ અર્થ કરી શકાય.

ભાડૂતો ડેવલપમેન્ટ રેગ્યુલેશન ૩૩(૭) આધારે મહાડાની દરમિયાનગીરી કરાવે તો ટ્રસ્ટને કંઈ ન મળે તેવો ભય સેવી ચેરીટી/કમિશનરે ડેવલપર તરફથી મળતી રકમ વ્યાજબી છે કે નહીં, તેની તપાસ કરી નથી માટે તે થવી જોઈએ. આ ભૂલ ગંભીર લાગે તો વેચાણ મંજૂર ન થવું જોઈએ અને ભૂલ ઓછી ગંભીર લાગે તો પણ વ્યાજબી કિંમત જે અત્યારની કિંમતથી વધુ હોય તે અંગે વિચારણા જરૂરી છે, તે બાબતે નામદાર હાઈકોર્ટ ખરેખર શું તારણ પર આવે છે. તે નામદાર હાઈકોર્ટ જ્યારે ચુકાદો આપશે ત્યારે ખબર પડશે.

સૌથી મોટો ધાર્મિક વિવાદ-દેરાસરના વેચાણ અંગેનો હતો. ચેરીટી કમિશનર સ્તરે ટ્રસ્ટીઓ તરફથી એવી રજૂઆત થઈ કે હાલનું દેરાસરનું બાંધકામ કાયદેસરનું છે જ નહીં માટે તેના વેચાણ અંગેનો વિવાદ વ્યર્થ છે. એવી જ રજુઆત ટ્રસ્ટીઓના સીનીયર કાઉન્સલ તરફથી હાઈકોર્ટમાં કરાઈ ત્યારે લેખકના કાઉન્સલ દ્વારા તે અંગે ઉગ્ર વાંધો લેવામાં આવ્યો હતો કે તેઓ કોર્ટમાં જરૂરી ફોટોગ્રાફ્સ દ્વારા એ દલીલ ખોટી પાડી શકે છે અને ઉક્ત દેરાસરજીમાં ત્રણ મૂર્તિઓ સંપૂર્ણ પ્રતિષ્ઠા મહોત્સવના આયોજનથી સ્થાપિત થઈ છે તથા મૂળનાયકની હીરાની આંગી વિગેરે ઝવેરાતો દેરાસરજીની માલિકીના છે અને આ દેરાસરજી તથા તેની જંગમ મિલકતો અનંતનાથજી ટ્રસ્ટના અન્વેષિત (ઓડીટેડ) હિસાબોમાં દેવદ્રવ્ય ખાતામાં બતાવવામાં આવી છે ત્યારે ટ્રસ્ટીઓના કાઉન્સલે આ દેરાસરજી અનધિકૃત છે, એવી દલીલ પડતી મુકી હતી, જે ઉક્ત વિવાદને ઉકેલવામાં સહાયરૂપ થશે.

હાઈકોર્ટ સ્તરે લેખકના વકીલ તરફથી રજૂઆત થઈ કે દેરાસરનું વેચાણ જ નહીં આ સોદામાં ટ્રસ્ટ દ્વારા નુતન દેરાસરની ડેવલપર પાસેથી ખરીદી પણ થઈ રહી છે અને તેથી સ્કીમની કલમ ૧૮(એમ) હેઠળ મહાજનશ્રીની મંજુરી મેળવવાની જરૂરી છે. એનું જે રીતે અર્થઘટન થાય તે, પરંતુ ટ્રસ્ટીઓએ પોતાની અગાઉની રજૂઆત અટકાવી વધુ આશાતના થતી અટકાવી તે વાત સંવાદના વાતાવરણને સંગીન બનાવશે. બાકી આ મુદ્દો એવો હતો કે અનંતછાયામાંના ખરા ધર્મચુસ્તો આ બાબતે બહુ દુઃખી હતા પણ 'ન કહી શકાય ન સહી શકાય'ની સ્થિતિમાં મૂકાયા હોવાથી મુંજાયા કરતા હતા. હવે એ મૂંજવણ દૂર થશે એવું લાગે છે.

આમ, નામદાર હાઈકોર્ટમાં હવે મૌખિક સુનાવણી પૂરી થઈ છે. પરંતુ ચુકાદો જે પણ આવે તે છતાં સૌ સંબંધિત પક્ષકારો અને જ્ઞાતિઅગ્રણીઓ અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા બોલાવાયેલી ઉક્ત સભામાં થયેલ વાતચીત પ્રમાણે હાઈકોર્ટનો ચુકાદો આવ્યા પછી પણ જ્ઞાતિસ્તરે યથાયોગ્ય નીવેડો લાવશે તે અંગે સૈધ્ધાંતિક સમજૂતી સધાઈ હતી તે એક આશાસ્પદ સંકેત ગણી શકીએ.

અલબત્ત, હાઈકોર્ટની ઉક્ત સુનાવણી હવે વ્યવહારિક રીતે પૂરી થઈ છે તેથી ઉક્ત સર્વ મુદ્દાઓ હવે નામદાર ન્યાયાધીશ સાહેબના વિચારણા હેઠળ છે તેથી તેમનો ચુકાદો આવતાં, અનંતછાયાની બાબતે એક રીતે પડદો પડશે. તેમ છતાં ઉક્ત ૧૨.૪.૨૦૧૩ની સભામાં સંવાદનું વાતાવરણ સંગીન બનાવતી જે ભૂમિકા રચાઈ છે તેનો જ્ઞાતિ પૂરો લાભ લઈ પોતાની લાંબા ગાળાના હિત માટેની યોજનાઓમાં આગળ વધી શકશે એવી આશા રાખીએ.

**- ચંદ્રસેન મોમાયા**

## શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ
## શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ
## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૨૫૧૩૩૧૭૪ / ૨૫૧૦૦૧૫૭

**આપણી શૈક્ષણિક સંસ્થાઓના નવા એડમીશન તથા લોન-સ્કોલરશીપ (વગર વ્યાજની લોન) અને ફી સહાયના ફોર્મસ આપવાની કાર્યવાહી બાબત**

**૧. શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર**

**શાળા વિભાગ :** અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૩૦ મે ૨૦૧૩;

**ઈન્ટરવ્યુ :** તા. ૮.૬.૧૩ માતુશ્રી પુરબાઈ છેડા આરામગૃહ, છેડાનગર, ચેંબુર ખાતે સવારે ૧૦.૩૦ વાગેથી

**કોલેજ વિભાગ :** અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૩૦ મે ૨૦૧૩;

**ઈન્ટરવ્યુ :** તા. ૯.૬.૧૩ શ્રી અનંતસિદ્ધિ અતિથીગૃહ, ભાંડુપ ખાતે સવારે ૧૦.૩૦ વાગેથી

૧લી જુન ૨૦૧૩ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે. વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની ફી સવલતો આપવામાં આવે છે. ધોરણ ૧૧ અને ૧૨ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાચનાલય, પુસ્તકાલય વિવિધ બહોળા પ્રમાણમાં લાભો ઉપલબ્ધ છે.

નોંધ : તા. **૩૦.૫.૧૩** પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.

**૨. શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**

૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૨૫૦૬૩૪૪૯

શાળા તથા કોલેજ વિભાગ : (કે.ડી.ઓ. છાત્રાઓને નિઃશુલ્ક રહેવા-જમવાની સગવડ પ્રાપ્ત છે).

અરજીપત્રક ભરવાની છેલ્લી તારીખ : **૩૦ મે ૨૦૧૩**

અરજીપત્રક મેળવવાનું તથા ભરીને પાછું આપવાનો સમય : **સવારે ૩.૦૦ થી સાંજના ૫.૦૦ દરમ્યાન**

કે.ડી.ઓ. જ્ઞાતિની છાત્રાઓને ઈન્ટરવ્યુ આપવાની તારીખ : **૯મી જુન ૨૦૧૩**

સમય : જૂની છાત્રાઓ માટે ૧૦.૩૦ થી ૧.૦૦ ● નવી છાત્રાઓ માટે બપોરે ૨.૦૦ થી ૫.૦૦ કલાકે

ઘાટકોપર ખાતેના છાત્રાલયમાં ઈન્ટરવ્યૂ સમયે માતા/પિતા અથવા જવાબદાર વાલી સાથે હાજર રહેવાનું રહેશે, ત્યારબાદ કન્યા છાત્રાલય શરૂ થતા અને રીજલ્ટ મળતા તેની ઝેરોક્ષ કોપી ઓફિસમાં આપવાની રહેશે.

**૩. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ :**

(વીરજી લધાભાઈ ટ્રસ્ટ, મણી માણેક ચે. ટ્રસ્ટ, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચે. ટ્રસ્ટ તથા મુંબઈ મહાજન)

S.S.C. માં ૫૦% કે તેથી વધુ ગુણાંકે પાસ થયેલ કોલેજના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને હોસ્ટેલ ફી/કોલેજ ફી માટે વગર વ્યાજે લોન/શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ **૩૦મી જુન ૨૦૧૩** છે. વધુ વિગત કાર્યાલયમાંથી મેળવી લેવી.

નોંધ : પ્રત્યેક પરિણામની ઓરીજીનલ માર્કશીટ ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવી

ચાલુ વર્ષથી લોન અરજીફોર્મ નવા બનાવેલ છે : જુના અરજીફોર્મ સ્વીકારાશે નહિ, નવા અરજીફોર્મ સંસ્થાની ઓફિસેથી મેળવી ભરવાના રહેશે.

**૪. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત**

શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ (ધોરણ ૧ થી ૧૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય) ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦મી જૂન ૨૦૧૩ છે.

(નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીએ અરજી કરવી નહિ.) :

**જ્ઞાન દાન - શ્રેષ્ઠ દાન.**

# શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિસભા

શ્રી અનંતનાથજી દેરાસર અને તેના સાધારણ ફંડઝ ટ્રસ્ટ દ્વારા ૧૨.૪.૧૩ના સાંજે ૭ વાગે ભાંડુપમાં શેઠ નરશી નાથા સભાગૃહમાં ટ્રસ્ટ ગત ૩ વર્ષના કાર્યોનો અહેવાલ અને આગામી બે વર્ષની પ્રવૃત્તિ આયોજન અંગે જ્ઞાતિજનોને માહિતગાર કરવા તેમજ નવી પ્રવૃત્તિઓ અંગે સુચન મેળવવા એક જાહેર સભાનું આયોજન થયેલ. તેમાં થયેલ કાર્યવાહીનો સારાંશ અહેવાલ અત્રે પ્રસ્તુત કરીએ છીએ. આ અહેવાલ સભામાં ઉપસ્થિત એક જ્ઞાતિજને લીધેલ નોંધો પરથી તૈયાર કરેલ છે.

ટ્રસ્ટબોર્ડ તરફથી જ્ઞાતિજનોને અને ટ્રસ્ટની માલિકીની જગ્યાઓના લાભાર્થીઓને ટ્રસ્ટની બધીજ પ્રોપર્ટીઓની અદ્યાવત સ્થિતિ અંગે માહિતી અપાઈ હતી. ટ્રસ્ટની મુંબઈ વર્તમાન એસેટ્સની જાણકારી આપાયેલ. મુંબઈ ઉપરાંત કુમઠા-વાલગીરી, આરીખાણા, માંડવી (કચ્છ) સ્થિત મિલ્કતોની માહિતી અપાઈ. માંડવી (કચ્છ)માં ૬૩ રૂમની ધર્મશાળા છે જેમાં હજી કેટલાક રૂમ ખાલી કરાવવાના છે જે માટે શ્રી પ્રવીણભાઈ હંસરાજ લોડાયાની જહેમત અનુમોદનીય છે. જેને એકાદ વર્ષ લાગશે. આરીખાણા (કચ્છ)નું જિનાલય જે હાલ આરીખાણા મહાજન સંભાળી રહ્યું છે. વાલગીરીમાં વાડી સાથે દેરાસર છે.

અનંતસિદ્ધિ-ભાંડુપના નૂતનીકરણ અંગે ખર્ચ આયોજનની વિચારણા ચાલે છે. તેના લાભાર્થીઓ સાથે બેઠક યોજી સર્વસંમત ઉકેલ લાવવા પ્રયાસ કરાશે.

અનંતનાથજી કોમ્પલેક્સ-કાંજુરમાર્ગના પ્લોટમાં કાનૂની અને બીજી અડચણોને કારણે વધુ રહેઠાણો બાંધવા શક્ય નથી પણ આપણે મંજૂરી મેળવી છે તેથી મોટું શૈક્ષણિક સંકુલ વિક્સાવી શકાશે.

આ ઉપરાંત ટ્રસ્ટની મુંબઈની મિલ્કતોમાં કમર્શીયલ અને રેસીડેન્સીયલ જગ્યાઓની માહિતી તથા તે મિલ્કતોના રીપેરીંગ અંગેના ખર્ચની વિગતોના અંદાજીત આંકડા અપાયા હતા.

મસ્જિદ બંદરની વિવિધ મિલકતોમાં આ બધું મળી અંદાજે ૬॥ થી ૭ કરોડના ખર્ચની જરૂર છે. જે અંગે મ્હાડા દ્વારા દબાણ આવી રહ્યું છે. મ્હાડાની નોટીસો અનુસાર કાર્યવાહી કરવામાં નહીં આવે તો તે મિલકતો મ્હાડા અધિગ્રહણ કરશે. અનંતસિદ્ધિ-ભાંડુપના રીપેર માટે સવા કરોડનો અંદાજીત ખર્ચ છે. તેથી રીડેવલપમેન્ટ વધુ યોગ્ય છે.

**છેલ્લા ૩ વર્ષના અનંતનાથ જિનાલયે તથા અન્યત્ર સખીદાતાઓના સથવારે નીચે મુજબના નુતનીકરણ, સુધારા, રીપેરીંગ કાર્યો થયા.**

- ૧લે માળે ઉપાશ્રયખંડ નૂતનીકરણ કરાવી સજાવટ કરાઈ. જેમાં ૪૦૦ ફુટની વધારાની જગ્યા જોડી લેવાઈ છે.
- દેરાસરના આરાધના ખંડમાં સજાવટ કરાવાઈ, ગ્રેનાઈટ સુશોભન કરી સુધારણા કરાઈ છે.
- મહાજનવાડી વેંચાણ બાદ ત્યાંના ક્ષેત્રપાલદાદા મુર્તિ વિધિવત ઉત્થાપિત કરી પૂ.ગુરૂ મહારાજોના માર્ગદર્શને જિનાલયની નીચેના પરિસરમાં પુનઃપ્રતિષ્ઠિત કરાયા.
- જિનાલયના મુખ્ય શિખરો, ધ્વજ દંડાસનો વગેરેમાં જરૂરી રીપેરીંગ અને સુધારા કરાયા
- ધ્વજારોહણ પ્રસંગે શિખરે જવા સુરક્ષિત રસ્તો કરાયો.
- ભાવિકો/સીનીયર સીટીઝનો સુલભ દર્શન કરી શકે તે માટે લિફ્ટ બનાવી
- જિનાલયમાં જરૂરી ત્યાં નવા ભંડારા, નવા ઘંટ, ચામર, પુજાપાઠ આરાધના સાધન સામગ્રી વસાવી.
- મહિલાગૃહ ઉદ્યોગની બધી શાખાઓનું નૂતનીકરણ, નવા કાઉન્ટર અને જરૂરી સાધન વસાવ્યા.
- ઘાટકોપર અનંતછાયા જિનાલયે દાતાના સહયોગથી ૧૪ નવા સ્વપ્ન તૈયાર કરાયા. દરવર્ષે ટ્રસ્ટ અંતર્ગત સર્વે જિનાલયોમાં પર્વ પર્યુષણની સવિશેષ ઉજવણી, આરાધના અને ધૃત ઉછામણીમાં રેકોર્ડરૂપ બોલીઓ થકી દેવદ્રવ્ય વૃદ્ધિ નોંધાઈ. એમાં અનંત યુવાશક્તિ ટીમનું ૫૮ ટકા જેટલું યોગદાન અનુમોદનીય અને નોંધનીય રહ્યું.
- ભાંડુપ અનંતસિદ્ધિ સંકુલમાં શેઠ નરશી નાથા સભાગૃહમાં ભોંયતળીયે હોલને સજાવટ કરી એસી સુવિધાજનક બનાવાયું.
- ટ્રસ્ટ દ્વારા સાધર્મિક સહાયની રકમ પરિવાર દીઠ વધારાઈ છે અને લગભગ ૧૫૦ જણને તે નિયમિત અપાય છે.
- ટ્રસ્ટના દેવદ્રવ્ય અને સાધારણ ખાતામાં વૃદ્ધિ નોંધાઈ છે અને તે રકમ સુરક્ષિત ફિક્સ ડીપોઝીટમાં છે.
- અનંતછાયા રીડેવલપમેન્ટ થકી ટ્રસ્ટને ૪૦ કરોડની રકમ મળે છે અને ભાડુતોને પોતાની જગ્યા તેમજ સારો લાભ મળી શકે. અલબત્ત, હાઈકોર્ટમાં કાર્યવાહી ન્યાયાધીન છે.
- દેવદ્રવ્યના પૈસા સાધારણ ખાતામાં વપરાતા હતા જે સુધારીને બધા ખાતા સુવ્યવસ્થિત કરાયા છે જે આશાતનાથી જ્ઞાતિ બચી છે. રૂા. ૨૫ લાખ દેવદ્રવ્ય માટે શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર તરફથી મળ્યા આમ ટ્રસ્ટ કેટલાય ભારણમાંથી બહાર આવ્યું છે.
- આ ઉપરાંત અનંતનાથ જિનાલયમાં ૨૦ લાખના ખર્ચે નવી લિફ્ટ સુવિધા, ૬૧ લાખના ખર્ચે ચંદરવા/પોઠીયા, લાખના ભંડારા, સીસી ટીવી કેમેરા વગેરે વસાવાયા.

- ♦ સ્ટાફ વેલ્ફેરનો ખ્યાલ રખાઈ રહ્યો છે.
- ♦ અનંતસિધ્ધિમાં પહેલાં જેની પાસે કબ્જો હતો તે પંજાબ સીંધ બેંક સામે રેન્ટ રીક્વરી કેસ ચાલુ છે.
- ♦ વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો, જાપ, મહોત્સવ, ચાતુર્માસ, તપસ્વી બહુમાન, સમુહ સાંજી વગેરે થયા.

**ભાવિ આયોજન**

- ✰ માંડવી (કચ્છ) ની પ્રોપર્ટીમાં ઓલ્ડ એજ હોમ સાકાર કરી શકીએ.
- ✰ મુંબઈ અનંતનાથ જિનાલયે મહાકાળી દેવીનું મંદિર રીનોવેશન કરવાનું છે.
- ✰ કાંજુરમાર્ગ અનંતનાથ કોમ્પ્લેક્ષમાં ઘર દેરાસરના બદલે શિખરબદ્ધ જિનાલય બનાવવાની ભાવના છે.
- ✰ ત્યાં વધારાના પ્લોટ પર શાળા/કોલેજ થઈ શકે જે ભાવિમાં વિચારવું.
- ✰ અનંતસિધ્ધિમાં અતિથીગૃહ અને મેડીકલ સેન્ટર ઉભારવાની ભાવના છે.
- ✰ ડોંબીવલીમાં સમાજવાડી, મેડીકલ સેન્ટર, મહિલા ગૃહઉદ્યોગ વગેરે થઈ શકે તેમ છે.
- ✰ વિઠ્ઠલવાડી દેરાસરનું મેનેજમેન્ટ સંભાળવાની જરૂર છે.
- ✰ ઉચ્ચ શિક્ષણ અને મેડીકલ સહાયતાની માટે ફંડ્સ જરૂરી છે.

## શ્રી ક.દ.ઓ. જૈન મુંબઈ મીડટાઉન સંઘ

સંઘની સામાન્ય સભા **રવિવાર** તા. **૫.૫.૧૩**ના **શ્રી કિરીટભાઈ લાપસિયા**ના પ્રમુખસ્થાને નીચે જણાવેલ સ્થળે યોજવામાં આવી છે.

**એજન્ડા**

૧) ગત વર્ષોના હિસાબોને મંજૂરી આપવી.
૨) આગામી બે વર્ષ માટે નવી મેનેજીંગ કમિટી તથા પદાધિકારીઓની નિમણૂંક કરવા.
૩) સંઘના કાર્યક્ષેત્રની હદ વધારીને લાલબાગ, પરેલ, ચીંચપોકલી, વરલી વ. નો સમાવેશ કરવો.
૪) સભ્યોનું વર્ગીકરણ તથા લવાજમ નક્કી કરવું.
૫) પ્રમુખશ્રીની મંજૂરીથી રજુ થયેલ વિષયો પર ચર્ચા વિચારણા.

સ્થળ : **માતુશ્રી વેલબાઈ સભાગૃહ**
ચંદાવરકર રોડ, માટુંગા (સે.રે.) મુંબઈ-૪૦૦૦૧૯.
સમય : **બપોરના ૨.૩૦ થી ૫.૦૦ કલાકે.**

**શ્રી હિરાલાલભાઈ ડાઘા** પરિવાર તરફથી અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવી છે. મીડટાઉન પરિસરમાં રહેતાં સર્વે જ્ઞાતિભાઈબહેનોને પધારવા આગ્રહભર્યું આમંત્રણ છે.

**લી. મીડટાઉન કમિટી**



## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૮)

**- સોમ ઘરમશી** (કચ્છ)

***"ના હોય ને અચી પે તાં સિરાય ન સભર***
***જીં પેલીયું સેડું વજેત્યું તાંભડી જે તર!"***

**શબ્દાર્થ :** સિરાય ન સભર = ઝાલ્યું ઝલાય નહીં, સબુરી, ધીરજ રહે નહીં, સેડું = સેડ ધારા, તાંભડી = કળશી, દોહેલું દુધ ભેગું કરવાનું વાસણ. તર = તળિયું.

**ભાવાર્થ :** કવિ તેજની ઉપરોક્ત પંક્તિનો ગહન અર્થ સમજવા એક પ્રવાસમાં સહયાત્રી પાસેથી સાંભળેલી વાતનો સહારો લેવો પડશે.

સહપ્રવાસીનાં એક કુટુંબીજનનાં ધનાઢ્ય ઘરમાં, જ્યાં પાણી માગો તો દુધ હાજર, અને ઘરનાં દરેક કુટુંબીજન માટે બારણે એક મોટરકાર ડ્રાઈવર સાથે ઉપલબ્ધ હોય, એવા દોમદોમ સાહેબીવાળા ઘરમાં પ્રેમલગ્નનાં કારણે સામાન્ય આર્થિક પરિસ્થિતિની કન્યાનાં લગ્ન થયાં.

લગ્ન પછી અચાનક મળેલ આવો વૈભવ જોઈ કન્યા દંગ જ થઈ ગઈ. પોતાનાં પિયરીઆમાં અને મિત્રવર્ગમાં અહંકાર સભર ફાટફાટ વખાણ કરવા લાગી. આ વૈભવ એનાથી જીરવાયું નહીં અને ઘરનાં નોકર-ચાકર સાથે ઉધ્ધતાઈથી વર્તવા લાગી. આટઆટલી સુખ સાહેબી હોવા છતાં તેને કુટુંબ સાથે વાંકુ પડ્યું અને વડીલોનો માન-મરતબો ઉલ્લંઘી ઘર છોડી પિયર ચાલી ગઈ. જ્યાં તેને જાકારો મળ્યો અને સાસરિયાનાં ઘરનાં બારણાં હંમેશ માટે બંધ થઈ ગયા.

આ ઘટનાનું તાત્પર્ય એ કન્યાને સમજાયું કે અચાનક મળેલ સુખ, સાહેબી કે વૈભવને સમજી વિચારીને ઉપયોગ કરતે તો જિંદગીભર સુખી રહી શકતે. ત્યાં સુધી તો નદીમાં ઘણાં નીર વહી ગયા હતા. પોતે કરેલ અહંકાર ભરેલા વર્તનનો પશ્ચાતાપ થયો ત્યાં સુધી તો ચિડીયા ચુન ગઈ ખેત જેવું થયું!

કવિ ઉપરોક્ત પંક્તિઓ દ્વારા એક ઉપયોગી સંદેશો આપે છે. મનુષ્યે અચાનક આવી પડેલ સુખ, સાહેબી કે વૈભવને જીરવતાં પણ શીખવું જોઈએ. સંપત્તિ મળતાં આપણે હરખઘેલાં ન થઈ જવું જોઈએ કે છકી જઈ વિવેકભાન ન ભુલવું જોઈએ.

ગાય દોહતાં ખાલી તાંબડીમાં જે પ્રથમ ધારાઓ તળિયામાં પડે છે અને તેનાથી જે અવાજો ઉત્પન્ન થાય છે તેમ અચાનક મળેલ સુખ-સાહેબી, સંપત્તિનો ઢંઢેરો પીટવાનો ના હોય તેને શાંતિથી સમજપૂર્વક વાપરનાર ખરું જીવન જીવી જાય છે.

બ્રહ્મજ્ઞાની સંત અને ભક્ત કવિ કબીરે પણ આ મર્મ સમજાવતો કહેલ દુહો...

***સંપૈ દેખી ના હરખીએ, બિપત્તિ દેખી ન રોઈ,***
***જિઉં સંપૈ તિઉં બિપત્તિ બિધિને રચીયા સો હોઈ ॥***

સંપૈ = સંપત્તિ

# જખૌ પાંજરાપોળના અબોલ પ્રાણીઓ માટે દર્દભરી અપીલ

**સમસ્ત જખૌવાસીઓ પરિવારો તેમજ સર્વે જીવદયાપ્રેમી કચ્છી સમાજ જોગ,**

માદરે વતનમાં ગતવર્ષે શ્રીકાર વરસાદ થયેલ. પરંતુ ખેડુતો આધુનિક રોકડીયા પાક પ્રત્યે વધારે ધ્યાન આપતા અને મહેનત કરતાં કપાસ, મગફળી, સોયા, સરસવ, સુરજમુખી વગેરેના વાવેતર તરફ વળતાં પ્રાણીઓ માટે ઘાસચારાની મોટી તંગી ઊભી થઈ છે.

આ મુંગા જાનવરો માટે આ બે મહિના પસાર કરવા, નિભાવ કરવું મુશ્કેલ થયેલ હોઈ, જખૌ પાંજરાપોળ તેમજ ગામમાં પશુધન નીભાવ મુશ્કેલ બનેલ હોઈ પાંજરાપોળના પશુઓની પ્રવૃર્તમાન સ્થિતિ વિચારણીય છે. સ્વ. શ્રી હીરાચંદ ભવાનજી મોમાયા દ્વારા પશુઓના માટે જે ઘાસચારો, દાણખાણ સંગ્રહિત કરાયેલ તે હવે પુરું થવા આવ્યું છે. થોડુંઘણું આપીને ગુજરાન ચલાવાય છે.

ઘાસચારો ભુજ-ગુજરાત અથવા અન્ય જગ્યાએથી મંગાવવું મોંઘુ પડે છે. ટ્રાન્સપોર્ટ ખર્ચના દામ દેવા પડે છે. હાલ તુરંત નેત્રાથી **શ્રી રાજેન્દ્ર કુંવરજી લાલકા (બાંઢીયા)-૦૯૪૨૭૪૩૩૩૪૮** ની સેવા માધ્યમે રૂા. ૧૦,૦૦૦ નો એક ટેમ્પો ચારો નખત્રાણાથી શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ (પરિવાર) તરફથી જનાવરો માટે શરૂ કરાયેલ છે.

જ્ઞાતિજનો તેમજ જીવદયાપ્રેમીઓ અને સંસ્થાઓ દરેક કાર્યક્રમોમાં બને ત્યાં સુધી ઘાસચારાની મદદ કરાવવા કરવા દર્દભરી અપીલ કરી મદદરૂપ બને.

પાંજરાપોળ માટે ઉદારદિલે સ્વૈચ્છિક દાન નોંધાવી, આ પરિસ્થિતિમાં અબોલ પ્રાણીઓને આપના દરેક કાર્યક્રમમાં યાદ કરશો. વડીલો-સ્વજનોના સ્મરણાર્થે પણ ઘાસચારા તીથી નોંધાવી શકાય છે.

ફાળા માટે સંપર્ક :

**મુંબઈમાં જખૌ મહાજનશ્રીના કાર્યાલયે**

**સ્થાનિકે શ્રી તિલક બી. મોમાયા-09429124038**

**શ્રી હીરાચંદ શામજી મોમાયા-09978218020**

આપશ્રીને યથાશક્તિ ઉમદા મદદ માટે અબોલા જાનવરો માટે દર્દભરી અપીલ છે. શક્ય હોય તો સીધેસીધા ઘાસચારાની વ્યવસ્થા કરી મોકલવા અપીલ છે.

**જીવ રક્ષા એજ સાચો ધર્મ છે.**

અનેક દુષ્કાળો અને અછતની પરિસ્થિતિમાં પાંજરાપોળ સૌના સથવારે સુંદર જહેમત લઈ અનેક મુંગા જીવોની રક્ષા કરી રહી છે. પાંજરાપોળને સુવ્યવસ્થિત સંચાલનમાં ટકાવી રાખી છે. જીવદયાની આ પરંપરા હજુ આગળ સારી રીતે ચાલે તે માટે દરેક સખીદાતાને સહાયભુત થવા હાર્દિક અપીલ છે.

-: અપીલકર્તા :-

**લબ્ધિકુમાર બી. મોમાયા-09825351001**

(જાહેર સામાજીક કાર્યકર) ગાંધીધામ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સર્વોદય મંડળ-મુલુંડ

આયોજીત

## કોસ્ટલ કર્ણાટક યાત્રા પ્રવાસ

**મંગળવાર તા. ૫-૧૧-૨૦૧૩ થી ૧૪-૧૧-૨૦૧૩ (૯ રાત્રી ૧૦ દિવસ)**
**બુકીંગ વહેલા તે પહેલા ના ધોરણે રૂ. ૫૦૦૦/- રોકડા (નોન રીફંડેબલ)ભરી**
**આપણાં મંડળ ના કાર્યાલય પર કરવામાં આવશે**

કુર્ગ (મડીકેરી) સુંદર મજાનું હીલ સ્ટેશન, ધર્મસ્થલ, કારકલ, મુડબીદ્રી (૧૦૦૦ થાંભલાવાળુ દીગંબર દેરાસર) અહીં જેની કિંમત આંકી ન શકાય તેવી જુદા જુદા સ્ફટીક ની મુર્તીઓ અને આ શહેર ને જૈનોનું કાશી કહેવાય છે.કૃષ્ણ મંદીર ( દ્વારકા પછી આને સ્થાન આપવામાં આવ્યું છે) માલપે બીચ,સોપારનીકા રીવર, (અજાયબી-જયાં એક સાઇડ દરીયો અને એક સાઇડ નદી છે) મરૂડેશ્વર, સુંદર બીચ (આખા જગતમાં સૌથી મોટી શ્રી શંકર ભગવાનની મુર્તી છે) જોગફોલ્સ, શીરસી, કુમઠા, (જૈન તીર્થ)

**ઉપરોક્ત યાત્રા-પ્રવાસનું બુકીંગ-તારીખ-સમય ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.**

**જેનું સંચાલન જયપ્રિત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ નાં જયંતીલાલ દેવશી મૈશૈરી ને સોંપેલ છે - સ્વતંત્ર રસોડુ અને દરેક જગ્યાએ રાત્રી મુકામ હોટલોમાં રહેશે.**

**લી. ગુલાબ મૈશેરી - હીતેશ મૈશેરી - માનદ્ મંત્રી**

## શ્રી લાપસિયા બંધુ મંડળ-હાલાર

### ૧૯ મી પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ

શ્રી મોમાઈ માતાજીની સમુહ પહેડી તથા સ્નેહમિલનનું આયોજન રવિવાર તા. **૨૬.૫.૨૦૧૩**ના સવારે **૮.૩૦**થી સાંજના **૮.૩૦** વાગ્યા સુધી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંતસિદ્ધિ એસી હોલ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ, મુંબઈ-૭૮ મધ્યે રાખેલ છે.

આ સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલનના ભાગ્યશાળી દાતાશ્રી પરિવાર **માતુશ્રી સોનબાઈ ભવાનજી ધરમશી લાપસિયા તથા નલીનીબેન રાજેશ ભવાનજી લાપસિયા** હસ્તે : **મમતા ધવલ રાજેશ લાપસિયા પરિવાર** (રંગપુર) એ લીધેલ છે. આ ભવ્ય મંગલકારી પ્રસંગમાં દલતુંગી-રંગપુર ગામના મોમાઈ માતાને નમતા લાપસિયા પરિવારજનો તથા નિયાણી બહેનો-દિકરીઓને સહકુટંબ પધારી પહેડી પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ છે.

દર્શનાભિલાષી: **અ.સૌ. મલ્લિકા ખિરેશ દંડ** (છાદુરા)

**નોંધ :** જેમના સરનામામાં ફેરફાર થયો હોય તો મંડળના કાર્યકર્તા ભાઈઓને જાણ કરવા વિનંતી.

॥ શ્રી શાંતિનાથાય નમોનમઃ ॥

## સાંધવમાં પર્યુષણ આરાધના આયોજન

સાંધવ ગામે પર્વ પર્યુષણની આરાધના કરવા સર્વે ગામવાસીઓ અને નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

શાંતિનાથ દાદાની શિતલછાયામાં પૂ. ગુરૂમહારાજની પાવન નિશ્રામાં પર્વની સુંદર આરાધના કરવા મુંબઈથી **તા. ૩૧.૮.૧૩**ના ટ્રેન દ્વારા પ્રસ્થાન થશે. આવતા કે જતા પંચતિથી દર્શન કરાવવામાં આવશે. **તા. ૧૧.૯.૧૩**ના ભુજથી ટ્રેન દ્વારા મુંબઈ પ્રયાણ. જેમને પણ પર્વની આરાધના કરવા ઈચ્છા હોય તો તેમણે **તા. ૨૭.૪.૧૩** સુધી સંપર્ક કરવો. વ્યક્તિદીઠ રૂા. ૫૦૦ ડીપોઝીટ રાખવામાં આવેલ છે જે સાંધવ પહોંચતા પરત આપવામાં આવશે.

: સંપર્ક :

| ગોવિંદજી પટેલ | દિનેશ લોડાયા | વિરચંદ ખોના |
|---|---|---|
| 9820540949 | 9820327977 | 9870989005 |

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ વતી**
**શામજી નરશી દંડ (મુલુંડ)**

## મહાવીર જન્મ અને માનવ-કલ્યાણ

– ડૉ. કુમારપાળ દેસાઈ

તારણહારો જીવે છે-જીજીવિષા માટે નહિ, પણ સંસારની વિજીગીષા માટે, જીતવા માટે જીવે છે, માટે સંસારના દાવમાં અને વૃત્તિઓના ખેલમાં જે શુદ્ધ ચિત્તના સહારે જીતે તે જૈન !

ભગવાન મહાવીર આવું જીવન જીવ્યા. એવી વિભૂતિઓને સુખ સુખદ નથી, દુઃખ દુઃખદ નથી. એ બંને ડાબી જમણી આંખો છે. બંનેમાંથી પ્રગતિનો પંથ શોધે છે ! આવી વિભૂતિઓને જેટલો ફૂલ પર પ્યાર હોય છે, તેટલો કાંટા પર હોય છે.

ભગવાન મહાવીરે પોતાના જીવન દ્વારા પહેલો પાઠ આપ્યો **માતૃભક્તિનો.** સંસારમાં મા એ મા. એની તોલે કોઈ નહીં. ગર્ભમાં પોતાની હરફરથી માતાને અસુખ થાય છે, તેમ જાણીને શાંત પડ્યા રહ્યા. માતાને એ સુખમાં અશુભની કલ્પના થઈ. સંતાન કાજે માતા દુઃખને સુખ સમજે છે. તેઓએ નિર્ણય કર્યો કે મા-બાપ જીવિત હશે ત્યાં સુધી સંન્યાસ સ્વીકારીશ નહીં.

ભગવાન મહાવીરે બીજો પાઠ આપ્યો **નિર્ભયતાનો,** અભયનો, અભય વિના આત્મિક ઉન્નતિ નથી. એક વાર ભયંકર સર્પ સાથે મુકાબલો થયો. પોતે દોડીને ઉપાડીને એને દૂર કર્યો. સહુને કહ્યું : બીઓ મા, બીક તો જે બીએ એને બીવડાવે ! મહાવીરને મૃત્યુની પણ, શેતાનની પણ, યમની પણ બીક નહીં ! અભય !

એક પિશાચે આ અભયની પરીક્ષા કરી. એ નાનકડા મહાવીરને ખભા પર ઉપાડીને ચાલ્યો. રાજકુમારનો દેહ સુકોમળ હતો પણ શક્તિમંત હતો. મહાવીરે અઘોરીના માથા પર મુષ્ટિપ્રહાર કર્યો. અઘોરી એ બાળકની તાકાત જોઈ દિંગ થઈ ગયો. મહાવીર એને દોરીને લોકો વચ્ચે લાવ્યો. બધા મારવા દોડ્યા ત્યારે મહાવીરે એને માફી આપી. આ સમયે એમનું નામ વર્ધમાન હતું. પિશાચે કહ્યું, 'દેહથી તમે વીર છો, પણ દિલથી મહાવીર છો !'

મહાવીર નિશાળે ગયા, પણ આવા પુરુષોને નિશાળ ખાસ કંઈ આપી શકતી નથી. પણ, મહાપુરુષો પણ સાંસ્કૃતિક પરંપરાને અનુસરવામાં હીનતા જોતા નથી. શિક્ષકે કહ્યું કે, મહાવીરને ભણાવવાનો પ્રયત્ન એ સૂરજને સમજાવવા દીવો ધરવા બરાબર છે.

ભગવાન અઠ્ઠાવીસ વર્ષના થાય છે અને માતા-પિતા મૃત્યુ પામે છે હવે દીક્ષા લેવા તૈયાર થાય છે. એ વખતે મોટાભાઈ ગદ્‌ગદ્ કંઠે બે વર્ષ વધુ રહી જવા વિનવે છે. વિશ્વપ્રેમી મહાવીર કુળ ને કુટુંબના પણ પ્રેમી છે. ઘરને અરણ્ય સમજી પોતે ઘરમાં રહી જાય છે.

ત્રીસ વર્ષ થયાં. હેમંત ઋતુ આવી. માગસર વદ દશમ આવી. ભગવાન પ્રવર્જીત થયા. સર્વસ્વનું દાન કર્યું. પોતાનું કંઈ ન રાખ્યું ને નિરધાર કર્યો કે હવેનાં બાર વર્ષ હું દેહની સારસંભાળ નહિ લઉં. વિઘ્ન કે સંકટો અડગપણે સહન કરીશ. સમદર્શી રહીશ. મને સંતાપનાર પર પણ સમભાવ રાખીશ.

ભગવાન મહાવીરને પહેલે પગલે વિઘ્ન નડ્યું. પોતે ધ્યાનમાં હતા અને એક ગોવાળ, તેમની પાસે બળદ મૂકીને સંભાળવાનું કહી ગયો. મોડો મોડો પાછો આવ્યો, તો બળદ ના મળે. મહાવીરને પૂછ્યું તો એ ધ્યાનમાં હતા, એટલે જવાબ ના વાળ્યો. ગોવાળ બળદ માટે આખી રાત વગડામાં આથડ્યો. સવારે આવીને જુએ તો ભગવાન પાસે બળદ વાગોળે. ગોવાળ ચીડે ભરાયો. ભગવાનને રાશ લઈ મારવા દોડ્યો. પૃથ્વી તો ગેરસમજનો ગોળો છે. ગોવાળ ગોવાળની રીતે સાચો હતો. ભગવાન ભગવાનની રીતે.

આ વખતે દેવરાજ ઈન્દ્ર વચ્ચે પડ્યા. ગોવાળને વાર્યો ને ભગવાનને વિનંતી કરી : 'આગળ ઘણાં કષ્ટ પડશે, મન સાથે રાખો.'

ભગવાન બોલ્યા : 'આત્માનો માર્ગ એકાકી છે. આંતરશત્રુનો નાશ કરવા નીકળનાર અરિહંતો કદી કોઈની મદદ લેતા નથી. દરેક જીવની પોતાની મુક્તિ પોતાના ઉદ્યમ, બળ, વીર્યને પરાક્રમ પર જ નિર્ભર છે.'

ભગવાન તાપસોના આશ્રમમાં આવ્યા. ત્યાંનો કુલપતિ પૂર્વપરિચિત હતો. એણે ભગવાનને વર્ષાવાસ માટે એક ઝૂંપડી કાઢી આપી. ગાયો ઝૂંપડીનું ઘાસ ખાઈ જાય પણ ભગવાન 'હડ્ય' કહીને તેને હાંકે નહીં. કુલપતિને મહાવીર તરફ અપ્રીતિ થઈ. ભગવાને આશ્રમ છોડ્યો ને પાંચ સંકલ્પ કર્યા : (૧) અપ્રીતિ થાય તેવા સ્થળે રહેવું નહીં, (૨) ધ્યાનને અનુકૂળ સ્થાન શોધવું, (૩) પ્રાયઃ મૌન રહેવું, (૪) કરપાત્રથી જમવું અને (૫) ગમે તેવા ગૃહસ્થની પણ ખુશામત ન કરવી.

ભગવાન મહાવીર પોતાના પ્રરૂપિત સત્ય અને અહિંસા દ્વારા ધર્મચક્રવર્તી તરીકે પ્રખ્યાત થયા હતા. એ વખતે એક મહત્ત્વની ઘટના બની.

રાજગૃહી નગરીના નાલંદાપાડામાં ભગવાન મહાવીરના ચાતુર્માસ હતા. ત્યારે, આજીવક સંપ્રદાયનો એક યુવાન સાધુ ભગવાન પાસે આવ્યો. એણે કહ્યું : 'હું આપનો શિષ્ય થવા ચાહું છું.' પ્રથમ તો મહાવીરે તરત સ્વીકાર ન કર્યો, પણ આખરે સ્વીકાર કરતાં કહ્યું, 'ગોશાલક ! આત્મવિલોપન એ આત્મવિજયની ચાવી છે. વૃક્ષ થવા ઈચ્છતા બીજને પહેલાં પૃથ્વીમાં દટાવું પડે છે.'

ગોશાલક ગુરુના ચરણો સેવી રહ્યું, ગુરુએ શિષ્યને કહ્યું, સહનશીલતાની પરીક્ષા માટે અનાર્ય દેશ ભણી જઈએ, જ્યાં આપણને કોઈ ઓળખતું ન હોય.'

એક દિવસ બંને અનાર્ય ભૂમિમાં ગયા. અહીં શિકારી

કૂતરાઓ એમના પગની પિંડીનું માસ ખાઈ ગયા. આખો દેહ ધીમેલોથી છવાઈ ગયો. ધૂળથી આંખો ભરાઈ ગઈ. એક માનવભક્ષી તેઓના શરીરનું માંસ કાપી ગયો. ગોશાલક કહે, 'પ્રભુ ! આ સહ્યું જતું નથી.'

ભગવાન કહે, 'એક કલ્પના આપું. સંગ્રામમાં મોખરે રહેનાર હાથીની વૃત્તિ ધારણ કર. એ હાથી ગમે તેટલા ભાલા વાગે, તીર ભોંકાય, પણ કર્તવ્યને ખાતર શરીરની મમતા છોડી આગળ વધે જાય છે. શરીરને એ સાધન લેખે છે. સિદ્ધિ મળી જાય ને સાધન છૂટી જાય તો શોક કેવો?'

આમ પહાડ જેવા અડોલ બનીને બબ્બેવાર ગુરુ શિષ્ય અનાર્યભૂમિમાં ઘૂમી આવ્યા. આત્મિક સાધનાના આ પ્રવાસોમાં અનેક ચમત્કારો સર્જ્યા. આ ચમત્કારોએ શિષ્યનું મગજ ભમાવી દીધું. એને ગુરુ-સમોવડ થવાની ઝંખના જાગી. એ અલગ પડી ગયો. પોતાનો આજીવક સંપ્રદાયના પ્રથમ તીર્થંકર તરીકે જાહેર કર્યો.

હવે દશ દશ વર્ષનો સાધનાકાળ વીતી ગયો હતો. આ સમય દરમ્યાન મહાયોગી મહાવીરના પરિભ્રમણોનું વૃત્તાંત, એમને પડેલાં દુઃખોનો ચિતાર અને મનની નિસ્પંદ શાંતિ પૃથ્વી પર વર્ણવનારને માટે આંખમાં આંસુ અને મોમાં ગીત જેવા પાવનકારી પ્રસંગ બની ગયા હતા.

દેહ પર વસ્ત્ર નથી. પૃથ્વી પર બિછાનું નથી. હાથમાં પાત્ર નથી. મોંમાં દાદ માગનારી જબાન નથી. માગવું ને મરવું સરખું બન્યું છે. મિત્ર પ્રત્યે મહોબત નથી. શત્રુ પ્રત્યે શત્રુતા નથી. સમભાવ વર્તે છે આત્મામાં!

આ વખતે સંગમ નામના દેવે કરેલા ઉપસર્ગો ભારે રોમાંચકારી-ભલભલા ગજવેલને મીણ બનાવી નાખનાર છે પણ ભગવાન મહાવીર એમાંથી અણિશુદ્ધ બહાર આવે છે. આ દુઃખ, દર્દને યાતનાનો ઈતિહાસ એક-બે નહી, છ છ માસ સુધી લંબાય છે. પણ હારવાની વાત કેવી?

સંગમ વિજય પછી ભગવાને યોગ્ય આહાર લેવાની ઈચ્છાએ છ-છ મહિનાના ઉપવાસ કર્યા. આવા ઉપવાસી પ્રભુને આહાર આપી મહાપુણ્ય હાંસલ કરવા ઈચ્છતા રાજા, અમીર, શ્રેષ્ઠિઓ આતુર બની ગયા. ત્યાં પ્રભુએ એક ગુલામબાળા ચંદનાને હાથે અન્ન લઈ પારણું કર્યું. ત્યારે ખળભળાટ મચી ગયો. ગુલામને હાથે આર્ય પુરુષ પારણું કરે? પણ ગુલામ કોણ? જે રાજા-રાણી પોતાના ખાનદાનનો ગર્વ કરે છે તેની જ ભાણેજ! લડાઈમાં પકડાયેલ કેદી! લોકો કહે, બળી આ લડાઈઓ! માણસને એ ગુલામ બનાવે છે, પશુની જેમ હડધૂત કરે છે અને સંસારમાં સ્મશાન સર્જે છે.

દીક્ષાનું તેરમું વર્ષ હતું ને ભગવાનના કાનમાં એક ગોવાળે ખીલા ખોડ્યા પણ હવે તિતિક્ષાનો કાળ પૂરો થતો હતો.

ઋજુવાલુકા નદી હતી. જાંભુક ગામ હતું. ઉનાળાનો બીજો મહિનો હતો. વૈશાખ સુદ દશમનો દિવસ હતો. વિજયમુહૂર્ત હતું. ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હતું. શ્યામક નામના ગૃહસ્થનું ખેતર હતું. વૈયવત્ત નામનું ચૈત્ય હતું. એના ઈશાન ખૂણામાં શાલવૃક્ષ હતું. ભગવાન મહાવીર એની નીચે ગોદોહાસને બેઠા હતા. છ ટંકના ઉપવાસ હતા, અને નિર્વાતારૂપ સંપૂર્ણ, પ્રતિપૂર્ણ આવ્યાહતા. નિર્વારણ, અનંત અને સર્વોત્તમ એવું કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન અર્હંત, જિન, સંયમી, સર્વજ્ઞ અને સર્વભાવદર્શી થયા.

દેવ, મનુષ્ય અને અસુર વગેરે ત્રણે લોકના વિધિભાવો એમને પ્રત્યક્ષ થયા. સંસારની કોઈ ગૂંચ એમને ન રહી. સંસારની કોઈ ગ્રંથિ એમને ન રહી.

દેવોએ સમવસરણ રચ્યું. ત્રણ કિલ્લા કર્યા, ચાર દ્વાર રચ્યા. ઉપર સિંહાસન ગોઠવ્યું. પ્રભુએ ધર્મદેશના આપી; અમૃતની એ વર્ષા હતી; પણ એમનો પહેલો ઉપદેશ એમ ને એમ વહ્યો.

જાંભૂક ગામથી ૪૮ કોસ દૂર અપાપા નામની નગરી વસી હતી. આર્ય સોમિલ નામનો શ્રીમંત બ્રાહ્મણ યજ્ઞ કરતો હતો. એણે યજ્ઞમાં ભાગ લેવા ભારતના ૧૧ વિદ્વાનોને નિમંત્રણ આપ્યું હતું. અગિયારે અગિયાર બ્રાહ્મણ બુદ્ધિમાં બૃહસ્પતિ અને વાદમાં વાચસ્પતિ હતાં. મોટા મોટા ચમરબંધીઓના માન તોડયાં હતાં. સહુની સાથે પાંચસો પાંચસો શિષ્યોનું જુથ હતું. એક એક શિષ્ય વિદ્યા અને વાદમાં મહારથી હતો.

ભગવાન મહાવીરને ધર્મદેશના માટે યોગ્ય અવસર જાગ્યો. એક રાતમાં ચાલીને અપાપા આવ્યા અને ધર્મદેશના શરૂ કરી. આ વખત સુધી મોટા મોટા લોકો રાજભાષા-દેવભાષા સંસ્કૃતમાં વાતો કરતા. લોકભાષામાં જનતાની જબાનમાં વાતો કરનાર ગામડીયો ગણાતો. ભગવાન મહાવીરે જનતાની જબાનમાં વાત શરૂ કરી. કોઈ રહસ્ય નહિ, કોઈ ગૂઢ કે ગર્ભિતાર્થ નહિ, સીધેસીધી વાતો! એમણે કહ્યું :

'યજ્ઞમાં પશુ હિંસા ન કરો. શાસ્ત્રને ખાનગી ન રાખો. શૂદ્રને તિરસ્કારો નહિ. મારો મુખ્ય સંદેશ છે અહિંસાનો, અવેરનો, પ્રેમનો! મારો બીજો સંદેશ છે એકબીજાને સમજવાનો. હે મનુષ્યો! તમે જે ધારો તે તમારા પ્રયત્નથી થઈ શકે છે. તમારા ભાગ્યના વિધાતા તમે છો, ખુદ ઈશ્વર પણ નથી. તમારે પાંચ મહાવ્રત પાળવા ઘટે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ!'

'યાદ રાખો સત્ય સાપેક્ષ છે. તમે નીરખ્યું તે જ સત્ય એવો એકાંત આગ્રહ ન રાખો. અનેકાન્તવાદ વિચારમાં અને અહિંસા આચારમાં સ્વીકારો.'

આ વાતો જગતને માથે અચરજ જેવી હતી. અને વધુ અચરજ તો ભારતના મહાન અગિયાર બ્રાહ્મણ

વિદ્વાનોની હાજરીમાં કરાવી, એ છોકરાના ખેલ નહોતા!

એક પછી એક વિદ્વાન ભગવાન મહાવીર સામે વાદ માટે મેદાને પડ્યા. અને ન બનવાનું બની ગયું. અગિયારે અગિયાર વિદ્વાન ભગવાનના શિષ્ય બની રહ્યા. એ વિદ્વાનોના ૪૪૦૦ શિષ્યો પણ એમના અનુયાયી બન્યા.

ભગવાન મહાવીરે હવે અપાપ નગરીમાં જ પોતાના સિદ્ધાંતોના પાલન કરનારાઓનો સંઘ સ્થાપવાની ઉદ્ઘોષણા કરી; અને જૈનોના ચતુર્વિધ સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકાના સંઘની એ દિવસે રચના થઈ.

શ્રી ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ અગિયાર બ્રાહ્મણ શિષ્યોને ગણધર બનાવ્યા. તેમના શિષ્યગણને તેમના શિષ્યો બનાવી સાધુસંસ્થા સ્થાપી.

આ સભામાં ઉપસ્થિત સ્ત્રીઓ અને પુરુષો જેઓ ભગવાન મહાવીરના ઉપદેશમાં શ્રદ્ધા ધરાવતાં હતાં, છતાં સાધુ થવા ઈચ્છતા નહોતા, તેઓને શ્રાવક અને શ્રાવિકા બનાવ્યા. આમ, ચતુર્વિધ સંઘ રચ્યો અને પાંચ મહાવ્રતવાળા પોતાના ધર્મનું સુકાન તેઓના હાથમાં મૂક્યું.

ચોવીસમાં તીર્થંકર પોતે અને હવે પચીસમો તીર્થંકર સંઘ. નિર્ગ્રંથ સાધુઓ માટે પાંચ મહાવ્રત કહ્યા. ગૃહસ્થો માટે બાર અણુવ્રત આપ્યા. આ પછી ઘણા વર્ષે ભગવાન મહાવીર પોતાની જન્મભૂમિમાં આવ્યા. અહીં પરિષદમાં બ્રાહ્મણ માતા દેવાનંદા પણ હતી. ભગવાનને જોઈ એની છાતીમાંથી દૂધની ધારા વહેવા લાગી.

ગણધર ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો. ભગવાને કહ્યું, 'ગૌતમ! દેવાનંદા મારી માતા છે. દેવાનંદા શરીરમાં જે ભાવ પ્રગટ થયો, તેનું કારણ પુત્રસ્નેહ છે.'

ભગવાન મહાવીર ૫૭ વર્ષના થયા હતા. તેમની દીક્ષાના સત્યાવીસમાં ચોમાસામાં તેઓ શ્રાવસ્તી નગરીમાં હતા. અહીં તેઓને પોતાના એકવારના શિષ્ય ગોશાલકનો ભેટો થયો. એણે ભગરાન સામે જ મોરચો માંડયો અને પોતે સિદ્ધ કરેલી તેજોલેશ્યા નામની અગ્નિજ્વાલા તેમના શરીર પર ફેંકી. પણ એ જ્વાલા પહાડને અથડાઈ પવન પાછો ફરે તેમ ભગવાન મહાવીરની દેહ આસપાસ આંટો મારી પાછી ગોશાલકના દેહમાં સમાઈ ગઈ. સાતમે દિવસે ગોશાલક મૃત્યુ પામ્યો.

એકવાર ભગવાનના પરમ ભક્ત મગધરાજ શ્રેણિકે પૂછ્યું, 'ભગવાન! મારી શી ગતિ થશે?'

ભગવાન કહે, 'નરકગતિ.'

મગધરાજ કહે, 'અને ગોશાલકની?'

ભગવાન કહે, 'સદ્ગતિ'.

મગધરાજ કહે, 'ભક્તોને નરક અને નિંદકોને સ્વર્ગ, આ કેવો ન્યાય?'

ભગવાન કહે, 'અદલ ન્યાય. છેલ્લી પળે ગોશાલકને મારી વાત સાચી લાગી. એનું મોત સુધર્યું. અંતિમ પળો એણે ઉજ્જવળ કરી. રાજન! જીવનમાં સાધનાની કિંમત છે, સ્નેહની નહીં!'

રાજા, મહારાજા, શેઠ, શાહુકારો, ચારે વર્ણના સ્ત્રી-પુરુષો અને કિરાત-ભીલ પણ ભગવાન મહાવીરના અનુયાયી બન્યા.

ભગવાને દીક્ષાનું એકતાલીસમું ચોમાસું રાજગૃહમાં કર્યું અને બેતાલીસમું ચોમાસું કરવા પાવાપુરી નગરીમાં આવ્યા. જીવનનું બોંતેરમું વર્ષ પસાર થતું હતું. આસોની અમાવસ્યાની મધરાતે નિર્વાણ પામ્યા!

દેવોએ આભમાં દીવડા પૂર્યાં. માનવીઓએ પૃથ્વી પર દીપોત્સવી પર્વ માણ્યું.

સિંહને શસ્ત્ર શાં? વીરને મૃત્યુ શાં? મૃત્યુના અમૃતને ઓળખો છો ?

ભગવાન મહાવીરે શાસ્ત્રોને આમજનતા માટે ખુલ્લાં મૂક્યાં. એ જમાનામાં આવી જ્ઞાનવાર્તા માત્ર દેવગિરા અર્થાત્ દેવોની ભાષા ગણાતી સંસ્કૃત ભાષામાં થતી હતી. સામાન્ય લોકો એ સમજી શકતા નહિ અને એમાં જ એની મહત્તા લેખાતી. સમજાય નહીં, એ મહાન વિદ્યા લેખાય, એવો ભ્રમ સર્વત્ર વ્યાપેલો હતો. ધર્મ, કર્મ અને તત્ત્વની ચર્ચા લોકભાષામાં કરવી એ હીનકર્મ લેખાતું. લોકભાષામાં બોલનારને કોઈ સાંભળતું નહિ અને શિષ્ટ લેખતું નહિ. કોઈ એનું સન્માન કરતું નહિ. કેટલાક કહેતા કે આવી ઉચ્ચ વાતો માટે ભાષા પણ ઊંચી અને અઘરી, ભાર ખમે તેવી હોવી જોઈએ.

ભગવાન મહાવીરે પહેલે પગલે ભાષાની ક્રાંતિ કરી. એમણે કહ્યું કે જ્ઞાન માત્ર જ્ઞાની માટે નથી, સામાન્ય માનવી માટે પણ છે. સામાન્ય લોકો સમજે એ રીતે એમની ભાષામાં બોલવું જોઈએ, આથી એમણે એ કાળની મગધ પ્રદેશની લોકભાષા અર્ધમાગધીમાં ઉપદેશ આપ્યો., એમાં સંસાર અને ધર્મનાં ગૂઢ રહસ્યો પ્રગટ કરવા માંડ્યા. લોકોને પોતાની જબાન અને પોતાની ભાષા મળી. પંડિતોનો ભારે બોજવાળો જ્ઞાનબોધ તો એમને માટે 'આંખનું કાજળ ગાલે ઘસ્યા' જેવું હતું. હવે પંડિત કહે તે શાસ્ત્ર અને શાસ્ત્ર કહે તે પ્રમાણ, એમ માનવાનું રહ્યું નહિ.

મહાવીરનો ઉપદેશ સહુને સમજાયો અને બધાને માટે આત્મકલ્યાણનાં દ્વાર ખુલ્લાં થયાં.

ભગવાન મહાવીરે સ્ત્રીને સ્વતંત્રતા બક્ષવા માટે બે મહાન સુધારા કર્યા. એક તો વ્રતમાં બ્રહ્મચર્યને સ્થાન આપ્યું અને બીજું, સ્ત્રી સંન્યાસીની થઈ દીક્ષિત થાય તો સર્વ બંધનોમાંથી મુક્ત બને એમ કહ્યું. જાતિ અને વર્ણના મહત્ત્વને કાઢી નાખ્યું અને ચારિત્ર્યની મહત્તા સ્થાપી.

એમણે શુદ્રોને ગુલામીના અંધકારમાંથી બહાર કાઢ્યા અને પશુતામાંથી પ્રભુતા આપી. કોઈપણ વર્ણનો સ્ત્રી-પુરુષ ધર્મ સ્વીકારી શકે છે તેમ કહ્યું. હકીકતમાં

એમણે શ્રમણને કુળ, રૂપ, જાતિ, જ્ઞાન, તપ, શ્રુત અને શીલનો જરા પણ ગર્વ ન કરનાર કહ્યો. ભગવાન મહાવીરે આ એક મહાન સામાજિક ક્રાંતિ ગણી, એમણે આખીય પરિસ્થિતમાં પરિવર્તન આણ્યું.

આત્માના ઊંડાણમાંથી ઊગેલા આ સત્યવિચારે સમાજમાં સ્થાયી રૂપ લીધું. ભગવાન મહાવીરે નીડરતા અને દૃઢતાથી પોતાના વિચારો પ્રગટ કર્યા અને અમુક વર્ગના અસાધારણ પ્રભુત્વ, હિંસાચાર અને માનસિક ગુલામીમાંથી લોકોને મુક્તિ અપાવી.

વર્ણાશ્રમની જડ દીવાલોમાં કેદ થયેલા સમાજને બહાર લાવ્યા. ઊંચનીંચની કલ્પનામાં સમૂળી ક્રાંતિ કરી. સ્ત્રીને બાળપણમાં પિતા પાળે, યુવાનીમાં પતિ પાળે અને ઘડપણમાં પુત્ર પાળે એ વિચાર પર કુઠારાઘાત કર્યો. જાતિ કે લિંગના ભેદો આત્મવિકાસમાં ક્યાંય, કદીય બાધારૂપ બનતા નથી તેમ કહ્યું.

આત્મતત્ત્વની દૃષ્ટિએ બધા સરખા છે. બ્રાહ્મણ કે શુદ્ર, સ્ત્રી કે પુરુષ, યુવાન કે વૃદ્ધ, રાય કે રંક, જે કોઈ પુરુષાર્થ કરે તે મોક્ષનો અધિકારી છે. આના સમર્થનમાં જ તેમણે ચંદનબાળાને પ્રથમ સાધ્વી બનાવી. ઈશ્વરકૃપા પર આધાર રાખીને પ્રારબ્ધને સહારે જીવતા માનવીની ગુલામી એમણે દૂર કરી, પુરુષાર્થનો ઉપદેશ આપ્યો અને કહ્યું,

'દેવ ભલે મોટો હોય, ગમે તેવું તેમનું સ્વર્ગ હોય, પણ માણસથી મોટું કોઈ નથી. માણસ માનવતા રાખે તો દેવ પણ એનાં ચરણમાં રહે!'

માણસે આ માટે સત્ય અને પ્રેમનો આગ્રહ રાખવો જોઈએ. પ્રત્યેક માણસ પોતાના કાર્યથી, પોતાના ગુણથી અને પોતાના પરિશ્રમથી મહાન થઈ શકે છે. એ માટે જાતિ, કુળ કે જન્મ નિરર્થક છે.

ભગવાન મહાવીરે બ્રહ્મચર્યમાં પરિગ્રહ-વિરમણ વ્રતથી વિશેષ જોયું. બ્રહ્મચર્ય એ માત્ર બીજી બહારની વસ્તુઓ ગ્રહણ કરવી કે છોડી દેવી, એવો ફક્ત બાહ્ય વેપાર નથી, પરંતુ એ તો આત્મિક સંયમનો પ્રશ્ન છે. એ જ રીતે કર્મનો બંધનોનો છેદ કરવાનો એક અને અદ્વિતીય ઉપાય તપ છે એમ કહીને જીવનમાં તપના મહત્ત્વને અસાધારણ પ્રતિષ્ઠા આપી.

આમ ભગવાન મહાવીરે ગુલામ મનોદશામાંથી માનવીને મુક્તિ અપાવી. પ્રારબ્ધને બદલે પુરુષાર્થથી એને ગૌરવ અપાવ્યું. શુષ્ક પાંડિત્ય સામે સક્રિય પ્રયત્નનું પ્રતિપાદન કર્યું. વર્ષોથી ચાલી આવતી રૂઢ માન્યતા અને અંધવિશ્વાસને દૂર કરીને મહાવીરે વિચાર-સ્વાતંત્ર્યની પ્રતિષ્ઠા કરી. પોતાને સાચું લાગે તેનો સ્વીકાર કરવાની નીડરતા બતાવી.

આચારમાં અહિંસા આપી. વિચારમાં અનેકાંત આપ્યો. વાણીમાં સ્યાદ્‌વાદ કહ્યો. સમાજમાં અપરિગ્રહ સ્થાપ્યો.

***('પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર)***


## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વરાડીયા

### જાહેરસભાની નોટીસ

મહાજનશ્રીની સામાન્ય સભા **રવિવાર** તા. **૫.૫.૨૦૧૩ બપોરના ૨.૩૦** કલાકે **શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ,** મુલુંડ (વેસ્ટ) મધ્યે બોલાવવામાં આવેલ છે. સર્વેને સમયસર પધારવા અનુરોધ છે.

**-: એજન્ડા :-**

૧) ગત સભાનું વાંચન તથા બહાલી

૨) જીર્ણોધ્ધાર બાબતની સરવે સમિતીનો અહેવાલ તથા બહાલી

૩) અન્ય કાર્યવાહી પ્રમુખશ્રીની સહમતીથી જે રજુ થાય તે.

**શ્રી વરાડીયા જેમ દેરાસર સાધારણ અને મહાજન ફંડસ ટ્રસ્ટવતી ટ્રસ્ટીગણ**

**પ્રતાપ મુળજી પીર ● નિરંજન કેશવજી મોમાયા**



**બોલ ચાચાવાલે...**



**સ્વ. પ્રેમચંદ શામજી નાગડા**

(જખૌ-મુલુંડ)

'બોલ ચાચાવાલે... આ શબ્દો ફોનમાં હજીયે ગુંજે છે.

પ્રેમચંદ ભાઈને અમારા **"ચાચાવાલા પરિવાર"** ઉપર ગર્વ હતો. મુલુંડ (ઈસ્ટ)માં તે મારો Friend, Philosophar and guide હતો. અમારા ચાચાવાલા પરિવારે એક ચમકતો સિતારો ગુમાવેલ છે. તેની યાદ અમોને હંમેશા સતાવતી રહેશે. એવા અમારા પ્રેમચંદભાને સમગ્ર પરિવારની ભાવભીની સ્મરણાંજલિ....

***ક્યારેક કઠોર, ક્યારેક મજાકીયા હળવા ફુલ***
***પણ ઋજુ હૃદયના, લાગણીશીલ સદા ફુલ... ફુલ...***

-: શોકાતુર :-

**દિનેશ રતીલાલ નાગડા (ચાચાવાલા)** મુલુંડ
તથા **સમસ્ત ચાચાવાલા પરિવાર**

## સુખનું સરનામું આપો – પ્રવીણ લોડાયા (વડોદરા)

અત્યાધુનિક જમાનાનો માણસ મંગળ પર પહોંચી શકે છે પણ બીજાના હૃદય સુધી પહોંચી શકતો નથી! સ્વાભાવિક કારણ છે આધ્યાત્મિક અને માનસિક ધાર્મિક સુખ કરતાં ભૌતિક સુખ સાધનોની વધુ પડતી આકાંક્ષા છે.

આજના સમયમાં તો જાણે સુખની વ્યાખ્યા જ ભૌતિક સુખ બની ગઈ છે. આવું સુખ આપતાં નિર્જીવ સાધનો જે સજીવ સંવેદનશીલ વ્યક્તિને પળવારમાંથી નિર્જીવ કરી નાખે છે. ક્ષણિક ભૌતિક સુખ ખાતર...!

હકીકતમાં આજે જ્યારે દરેક વ્યક્તિના ઘરમાં સોફાસેટ, ડીનરસેટ અને ડાયમંડ સેટની ભડમાર હોવા છતાં આ બધા લબાચા વચ્ચે જીવ તો અત્યાધુનિક માણસ પોતે હંમેશા અપસેટ જ હોય છે.

ગમે ત્યારે બોલાવો કાં તો એનો મુડ ન હોય, કાં તો એ વ્યસ્ત હોવાનું એવરગ્રીન બહાનું આપે અને કાં તો એ તમારાથી વાત કરવાની રૂચી ન ધરાવતો હોય.

આ સમસ્યાના મુળ પાયામાં છે - ભૌતિક સુખ સાધનો મેળવવાની આંધળી દોટ. દિવસ અને રાત પૈસા, પૈસા, પૈસા ભેગા કરવાની હોય.

ગણિવર્યશ્રી કવિન્દ્રસાગરજી મહારાજ સાહેબે સાચું જ કહ્યું છે કે સુખી થવા માટે આખી જીંદગી દુઃખી થાય એનું નામ માણસ.

અહીં વાત છે જીવનનો મર્મ સમજવાની, આંધળી દોટના બદલે આધ્યાત્મિક રસ્તે, ધાર્મિક રીતે આંખો ખોલી જીવન જીવવાની. હવેના યુગમાં હાથમાં બ્લેકબેરી, આઈફોન અને ટેબ્લેટ હોવા એટલા જરૂરી બની ગયા છે જેટલા શર્ટમાં ખિસ્સા જરૂરી નથી રહ્યા.

ભૌતિક સુખ ખાતર આજનો માણસ દેવું કરશે, ગજા વગરનું ટેન્શન લેશે, હાર્ટ એટેકને આમંત્રણ આપશે પણ સુખેથી 'બાજરાનો રોટલો ખાઈ કુટુંબને લાગણી અને એટલો સમય નહિં આપે જેટલો મોભો પાડવા આપતી ગાડીમાં પેટ્રોલ ભરાવવાના રૂપિયાને!

ખરી રીતે આ બધાય સેટ કે એકેય સ્ટેટસ સિમ્બોલથી જરૂર નથી. જો તમારી લાગણી અને વિચારધારા તમારી ફેમિલીમાં વેલ સેટ હશે. લાગણીનું સ્પંદન હશે. વહાલની છોડો ઉડતી હશે.

ડૉ. શ્યામલ અને સૌમિલ મુનશીની ગવાયેલા ગીતની પ્રથમ લાઈન આજે પણ યાદ છે.

સુખનું સરનામું આપો... જીવનનાં કોઈ એક પાનામાં એનો નક્શો છાપો... સુખનું સરનામું આપો.

આપણે હંમેશા આપણા સુખને બહારની ભૌતિક દુનિયામાં વૈભવમાં શોધીએ છીએ. પરંતુ ક્યારેક ઘરમાં કે પરિવારમાં શોધવામાં પ્રયત્ન નથી કરતાં.

ઓશો કહેતા હતા કે, "જો તમને જીવન બોજારૂપ લાગવા માંડે તો સમજવું કે તમારી જીવન જીવવાની પદ્ધતિ ખોટી છે."

સુખની પરિકલ્પનામાં સાચો સુખી માણસ શોધવો મુશ્કેલ છે. સુખનું સરનામું બહારની ભૌતિક દુનિયામાં નથી પરંતુ આપણી મનની આંતરિક દુનિયામાં છે.

તમારા મનમાં પ્રમાણિકતા હોય, નિષ્ઠા હોય, કર્તવ્ય ભાવના હોય, પરિવારમાં પ્રેમ હોય અને નિસ્વાર્થ માનવસેવાનો પ્રવાહ હોય તો કદાચ મંદિરનાં પગથિયાં તમારે ચડવાની જરૂર નથી. ઈશ્વર તમારા હૃદયમાં વાસ કરતાં હોય. સુખનો અહેસાસ કરવો થોડો મુશ્કેલ છે પરંતુ અશક્ય નથી. ક્યારેક તમારા હિસ્સાની કોઈ વસ્તુનો પરિવારનાં લોકો સામે ત્યાગ કરી જુઓ, ક્યારેક પોતાનાં સ્વાર્થનો વિચાર કર્યા વગર કોઈ અન્યનાં માટે એકાદ ક્ષણ જીવી જુઓ.

ક્યારેક કોઈ ગરીબનાં દિકરામાં અભ્યાસ માટે તમારી કમાણીનો અમુક હિસ્સો ખર્ચી જુઓ, ક્યારેક અંધ-અપંગ બાળકોની સાથે જન્મદિવસની ઉજાણી કરી જુઓ, ક્યારેક કોઈ ગરીબની દિકરીના લગ્નમાં કરિયાવર આપી જુઓ, સુખનો થોડા અહેસાસ ચોક્કસ થશે.

એટલે આપણા શાસ્ત્રો કહે છે કે ત્યાગ ભાવનાથી સુખ જન્મે છે. આવા અલ્પસુખનાં અહેસાસથી સુખનું સાચું સરનામું મળે અને જીવન આનંદમય અને મૃત્યુ મંગલમય બને.


**વિપુલ એસ્ટેટ એજન્સી**

મુલુંડ, ભાંડુપ, નવી મુંબઈ, થાણા અને લોનાવલા કે કચ્છમાં રેસીડેન્સીયલ અને કોમર્સીયલ પ્રોપર્ટીના લે-વેચ અને ભાડેથી કામકાજ માટે સંપર્ક કરો.

| લક્ષ્મીચંદ પોલડીયા(લલાપો) | વિપુલ પોલડીયા |
|---|---|
| 9930008339 / 7567207479 | 9833060660 / 9869167172 |

શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


**ભુલસુધાર :** ગતાંકમાં 'કોચીનમાં નવકાર જાપ' ના સમાચારમાં પંચ પરમેષ્ઠિ પરિવારની સાધર્મિક સહાય પ્રવૃત્તિ ફંડમાં કોચીન સંઘના રૂા. ૩૧ હજાર, શ્રી મણીકાંત વીશનજી ખોના પરિવારના રૂા. ૧૧ હજાર અને અન્ય જાહેરાતો મળી **રૂા. ૯૧૦૦૦**નું ફંડ થયું એમ સુધારીને વાંચવું. આંકડાઓમાં શરતચુક થઈ હતી. ક્ષમાયાચના.

## ડોંબીવલીના આંગણે યોજાયેલ

# શ્રી સ્વસ્તિક કપ : ૨૦૧૩ (સિઝન-૨)

નાના દિપકની જ્યોત જેમ ગહન અંધકારના નાશ કરે છે. તેમ કાર્યની નાની શરૂઆત પણ મોટા પરિણામો પ્રાપ્ત કરે છે એ ઉક્તિએ **શ્રી સ્વસ્તિક ગ્રુપ-ડોંબીવલી** દ્વારા આયોજિત ક.દ.ઓ. જ્ઞાતિસ્તરે ક્રિકેટ ટુર્નામેન્ટ શ્રી સ્વસ્તિક કપ ૨૦૧૩- સિઝન-૨નું આયોજન **રવિવાર** તા. **૧૪.૪.૨૦૧૩**ના ડોંબીવલી જીમખાના ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ. ટુર્નામેન્ટમાં કુલ ૮ ટીમે ભાગ લીધેલ તથા દરેક ટીમ ૮-૮ ઓવરની મેચ રમેલ. અત્યંત ઉમંગ તથા ઉલ્લાસથી આ ટુર્નામેન્ટ એક ઉત્સવની જેમ ઉજવાયેલ.

### -: બેટ-બોલના મહાસંગ્રામના સહયોગીદાતાઓ :-

**માતુશ્રી ખમાવંતી ચીમનલાલ જેતશી ખોના પરિવાર - હ. શૈલેશ ચીમનલાલ ખોના** (મોટી ખાવડી)
(સ્વસ્તિક કપ ૨૦૧૩ ટ્રોફી તથા રોકડ રકમના દાતા)
**માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર** (રાપર ગઢવારી) - (Jash Mercantile LLP)
**માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા** (વરાડીયા-માટુંગા) (Amba Shipping Agency)

### સહ સહયોગી દાતાઓ

**માતુશ્રી ગંગાબાઈ ભવાનજી લોડાયા (સાંયરા) હ. દિપક ભવાનજી લોડાયા** (રામાપીર ડેવલપર્સ)
**માતુશ્રી કંચનબેન વીરચંદ દંડ** (સેવક ભરૂડીયા), **શ્રી શામજી શીવજી લોડાયા** (મોટી ખાવડી)
**શ્રી ગીરીશ વિરજી ડાઘા** (દલતુંગી), **શ્રી નરેન્દ્ર હંસરાજ લોડાયા** (મોટી ખાવડી), (Iswiss Nutrition)

જેમનાં ઉદાર સહયોગથી આ ટુર્નામેન્ટનું સરસ અને સુંદર રીતે આયોજન થયેલ. જેમાં યુવાશક્તિને પોતાની રમતગમત ટેલેન્ટ બહાર લાવવાનો મોકો મળેલ. જેમને પ્રોત્સાહિત કરવા અતિથીવિશેષ આમદાર **શ્રી રવિન્દ્ર ચૌહાણ (દાદા)** તથા તિલક નગર પોલીસ સ્ટેશનના વરિષ્ઠ પોલીસ અધિકારી **શ્રી એસ.આર. ગાયકવાડ સાહેબ,** શ્રી પ્રફુલ મોતા (રસરંજન), શ્રી વિપુલ માલદે (ધરતી બિલ્ડર્સ), શ્રી ગિરીશ મેઘાણી (સ્કોરર), શ્રી અશોક લાલકા, શ્રી અરવિંદ લોડાયા, શ્રી બીપીન ઠક્કર, શ્રી ચંદ્રેશ ખોના, શ્રી પરેશ માલદે (અંકુશ મિત્ર મડળ, ડોંબિવલી), શ્રી વિનીત ધરમશી, શ્રી વિનય ધરમશી અને યુવાનોને બિરદાવવા પોતાનો અમુલ્ય સમય કાઢીને યુવાશક્તિને પ્રોત્સાહિત કરવા પધારેલ.

આ ટુર્નામેન્ટની નિર્ણાયક મેચમાં આકર્ષક ઈનામોની જાહેરાત **શ્રી શૈલેષ ચિમનલાલ ખોના પરિવાર** તરફથી થયેલ. જેમાં દરેક SIX ઉપર રૂા. ૨૫૧ અને FOUR ઉપર રૂા. ૧૫૧, સળંગ ૬ ઉપર રૂા. ૧૦૦૧, સળંગ ૪ ઉપર રૂા. ૫૦૧ અને હેટ્રીક વિકેટ લેવા બદ્દલ રૂા. ૫૦૧નું ઈનામ જાહેર કરેલ.

જેમાં **ભાવેશ મોતા,** રામાપીર જુનીઅર રૂા. ૫૦૧ (લગાતાર ત્રણ ૪ મારવા બદ્દલ), **અમિત ખોના** (રામાપીર જુનિયર) ૧૫૧ (૪ મારવા બદ્દલ), **અંકિત લાપસીયા** ૧૧૫૧ (સાત ૪ મારવા બદ્દલ), **નેવિલ લોડાયા** (રામાપીર જુનિયર) ૭૦૦ રૂા. (એક ૬ અને ત્રણ ૪ મારવા બદ્દલ), **ધવલ શાહ** (એક્ઝીમ XI) ૧૫૧ રૂા. ૪ મારવા બદલ, **દિપેશ મોતા** (એક્ઝીમ) રૂા. ૩૦૦ (૪ મારવા બદલ) **ભાવેશ મોતા** (એક્ઝીમ) ૪૦૦ (એક ૬ અને ૪ બદલ), મેળવ્યા. તેમજ દરેક મેચમાં મેચના અંતે મેન ઓફ ધ મેચની ટ્રોફી આપવા આવેલ.

### આ બેટ અને બોલના મહાસંગ્રામના સૈનિકો

- **મેન ઓફ ધી સીરીઝ - અંકિત લાપસિયા** (રામાપીર જુનીયર) -સ્વસ્તિક ટ્રોફી, રૂા. ૫૦૦નું ઈનામ તથા Iswiss Nutrition નો ૧ કિલોનું પેકેટ ભેટ.
- **બેસ્ટ બેટ્સમેન ઓફ ધી ટુર્નામેન્ટ : નેવિલ લોડાયા** (રામાપીર જુનીયર)-સ્વસ્તિક ટ્રોફી તથા રૂા. ૨૫૦નું ઈનામ તથા Iswiss Nutrition નો ૧ કિલોનું પેકેટ.
- **બેસ્ટ બોલર ઓફ ધી ટુર્નામેન્ટ : હિતેષ મોમાયા** (ક્રેઝી ઈલેવન) - સ્વસ્તિક ટ્રોફી તથા રૂા. ૨૫૦નું ઈનામ Iswiss Nutrition નો ૧ કિલોનું પેકેટ
- **બેસ્ટ ફિલ્ડર ઓફ ધી ટુર્નામેન્ટ : ભાવેશ મોતા** (રામાપીર સીનીયર)-સ્વસ્તિક ટ્રોફી તથા રૂા. ૨૫૦નું ઈનામ Iswiss Nutritionનો ૧ કિલોનું પેકેટ
- **મોર સીક્સ ઓફ ધી ટુર્નામેન્ટ : મનીષ છેડા** (રામાપીર જુનીયર) - ટ્રોફી તથા રૂા. ૨૫૦નું ઈનામ
- **મોર ફોર ઓફ ધી ટુર્નામેન્ટ : અંકિત લાપસિયા** (રામાપીર જુનીયર) - ટ્રોફી તથા રૂા. ૨૫૦નું ઈનામ)
- **સ્વસ્તિક કપ-૨૦૧૩ની વિજેતા ટીમ : ચેમ્પીયન રામાપીર જુનીયર ટીમ** (ચેમ્પીઅન ટ્રોફી તથા રૂા. ૨૫૦૦નું ઈનામ તથા દરેક પ્લેયરને Iswiss Nutrition નો ૫૦૦ ગ્રામનું પેકેટ
- સ્વસ્તિક ૨૦૧૩ની ઉપ વિજેતા ટીમ - એક્ઝીમ XI ટ્રોફી તથા રૂા. ૧૫૦૦નું ઈનામ દરેક પ્લેયરને Iswiss Nutrition નો ૫૦૦ ગ્રામનું પેકેટ
- સર્વ જ્ઞાતિજનોએ બોલ-બેટના સંગ્રામને માણવા આમંત્રણને માન આપી પધારેલ સર્વ આમંત્રિત મહેમાનોનું તથા દાતા પરિવારનો કે જેમણે તન, મન અને ધનનો સહયોગ તથા સહકાર આપવા બદલ શ્રી સ્વસ્તિક ગ્રુપ ખૂબ ખૂબ આભાર માને છે. ટુર્નામેન્ટ દરમ્યાન અમારા કાર્યકર્તા દ્વારા કોઈપણ જાતની ભૂલચૂક થઈ હોય તો હૃદયપૂર્વક "મિચ્છામી દુક્કડમ્"

**સ્વસ્તિક ગ્રુપ-ડોંબીવલી**ના જય જિનેન્દ્ર

## જ્ઞાતિ પ્રતિભા : ચિત્રકામ ક્ષેત્રે-શ્રી લક્ષ્મીચંદ નેણશી મેઘાણી

મુંબઈના એક ધીખતો ધંધો ચલાવી રહેલા ફોટો સ્ટુડિયોમાં વૈજ્ઞાનિક કાર્યકર તરીકે કાર્ય કરી રહેલા આપણા નરયુવાન કલાકાર શ્રી. લક્ષ્મીચંદ મેઘાણીના અંગત સંપર્કમાં જેઓ આવ્યા છે તેઓ સારી રીતે જાણે છે કે રસમય ભૂતકાળ ધરાવતા આ યુવાન કલાકારને જ્યારે મળો ત્યારે તે પોતાના કાર્યમાં નિમગ્ન હોય છે. માણસના જીવનના વહેણમાં ઘણીવાર એવું બને છે કે એની પ્રવૃત્તિ બે રીતે વહેતી હોય છે. એક તો પોતાના માનસિક આનંદ માટે તે અમુક પ્રવૃત્તિ કરે છે તે અને પ્રવૃત્તિનો બીજો ભાગ વ્યવસાયિક અને એવા બીજા હેતુથી થતો હોય છે. શ્રી લક્ષ્મીચંદના વિષયમાં અલબત્ત, એમની પ્રવૃત્તિ ચાલુ હોવા છતાં એક જ રીતે વહેતી નજરે પડે છે તેનું કારણ વ્યવસાય તથા શોખ. એમ એમની પ્રવૃત્તિના બે ભાગ પડ્યા નથી. બીજી રીતે જોવામાં આવે તો એમનો વ્યવસાય એ પોતે જ એમની પ્રિય અને મનોગમ્ય સાધના છે એટલે એમની સળંગ પ્રવૃત્તિ એકધારી વહેતી હોય છે-એક સરખા આનંદ અને એક સરખી તલ્લીનતાથી.

ગ્રાહકોની ચોક્કસ પ્રકારની જરૂરતો માટે પોતાની ચિત્રવિદ્યાનો ઉપયોગ કરતી વેળા તે જેટલા પ્રફુલ્લ એને આનંદિત રહે છે તેટલી જ આનંદ પોતાની સ્વેચ્છાએ તૈયાર કરવાની કલાકૃતિના પ્રસંગે પણ અનુભવે છે. એમની ખાસ વિશેષતા જોવી હોય તો નિયમબદ્ધ રીતે સરલ શૈલીમાં ચાલતી એમની પીંછીમાંથી ઊઠતાં ગુજરાતના ગ્રામ્યજીવનની સ્થિતિના ચિત્રો જોઈ લેવાં. એમની શૈલીમાં રહેલી પ્રાસાદિકતા આવાં ચિત્રોમાં ખાસ દેખાઈ આવતી હોય છે.

શ્રી મેઘાણીમાં નજરે પડતી આ ઉચ્ચ કલાનું યોગ્ય મૂલ્યાંકન પણ થતું રહ્યું છે. ચિત્રકલાનાં જુદાં જુદાં પ્રદર્શનોમાં એમની કૃતિઓને સ્થાન મળ્યું છે. 'બોમ્બે આર્ટ સોસાયટી' તરફથી ભરવામાં આવેલા ચિત્રકલાના પ્રદર્શનમાં એમની કલાકૃતિને ઈનામ પણ મળ્યું છે. ચિત્રકલાના શોખીન શ્રીમંતો એમનાં આવાં ચિત્રો ખરીદી લઈ પોતાના સંગ્રહમાં મૂકે છે. આથી આ કલાકારને વ્યવસાયની દૃષ્ટિએ પણ ઉત્તેજન મળતું રહે છે.

આજથી ૨૬ વર્ષ પૂર્વે શ્રી મેઘાણીનો જન્મ ગદગમાં થયો હતો. કિશોર અવસ્થામાં જ એટલે બાર વર્ષની વયથી જ એમનામાં કલાક્ષેત્ર તરફનું આકર્ષણ જણાઈ આવતું હતું. એમના ભાઈ તથા બહેને એમના આ નૈસર્ગિક વલણને પ્રોત્સાહન આપ્યું અને એમને અભ્યાસ અર્થે મુંબઈ મોકલાવ્યા. ઈ.સ. ૧૯૩૯ થી ૧૯૪૨ સુધી મુંબઈની જે. જે. સ્કુલ ઓફ આર્ટમાં એમણે ચિત્રવિદ્યાનો પદ્ધતિસર અભ્યાસ કર્યો, પણ તે અરસામાં ચાલતી આઝાદી માટેની રાષ્ટ્રીય ચળવળમાં એમણે ભાગ લેતાં એમને એ વખતે ત્યાંથી બરતરફ કરવામાં આવ્યા હતા.

ચિત્રશાળાની કારકીર્દિનો આ રીતે અંત આવવા છતાં શ્રી મેઘાણીની શક્તિને ખીલવાની તક મળતી રહી. શ્રી આદિવાસી અને શુક્લ જેવા અનુભવી તથા પ્રસિદ્ધ ચિત્રકારોનો એમને પરિચય થયો. આ પરિચયે એમને ઘણું વધારે જ્ઞાન અને પ્રેરણા આપ્યા. ઈ.સ. ૧૯૪૩માં શ્રી મેઘાણી 'રતન બાત્રા' સ્ટુડિયોમાં વ્યવસાયની નજરે જોડાયા ત્યારથી અત્યાર સુધી એકધારૂં તેઓ તે જ સ્થળે કાર્ય કરી રહ્યા. શ્રી બાત્રાની દોરવણીએ શ્રી મેઘાણીની શક્તિને વધુ વેગ આપ્યો. એમના ખાસ શોખ 'ફોટોગ્રાફી' ને અહીં અચ્છો વિકાસ મલી ગયો.

ઈ.સ. ૧૯૪૨માં 'હિન્દ છોડો' ની ચળવળમાં ભાગ લેવા બદલ શ્રી. મેઘાણી પર કષ્ટ આવી પડ્યું હતું. તેવી જ રીતે ઈ.સ. ૧૯૪૪માં ગોદીમાં થયેલા ધડાકાના પ્રસંગે એમને બીજી આફતમાં મૂક્યા હતા. આ અરસામાં તે દાણાબંદરમાં વસતા હતા. ધડાકાના પરિણામે લાગેલી આગમાંથી તે પોતે સલામત ઉગરી ગયા પણ એમણે મહામહેનતે તૈયાર કરેલાં કેટલાંક કિમતી ચિત્રો ભસ્મ થઈ ગયાં.

ઉપરોક્ત બે આપત્તિઓ આનંદથી સહી લીધા પછી શ્રી મેઘાણીએ પોતાની પ્રવૃત્તિઓ એટલા જ આનંદ અને ઉત્સાહથી ચાલુ રાખી અને પાંચ વર્ષના કાળ દરમ્યાન આજે તેનું એ પરિણામ આવી શક્યું છે કે એમની કલાપ્રવૃત્તિ ચમકી ઊઠી છે અને જૂની આપત્તિ જાણે આવી જ ન હોય તેમ ચિત્રપ્રવૃત્તિ આગળ વધી રહી છે.

આવા એક યુવાન કલાકારની ઉન્નતિ સમસ્ત જ્ઞાતિ માટે આનંદ તેમજ ગૌરવની વાત છે.


*બાંધણી સેલ...! બાંધણી સેલ...! બાંધણી સેલ...!*

**પાલવ** મુલુંડ

**બાંધણીનું ભવ્ય વાર્ષિક સેલ...**

**૪૦% સુધીના આકર્ષક વળતર સાથે**

• રંગબેરંગી ઝીણા બંધની બાંધણી • ભપકાદાર ઘરચોળા • બોર્ડર • હેન્ડવર્ક એમ્બ્રોઈડરી, ચણિયા ચોલી • ડિઝાઈનર બાંધણીના ડ્રેસ મટેરિયલ્સ • બ્લોક પ્રીન્ટેડ ફેબરીક • બ્રાઈડલ ફૂટવેર • હેન્ડબેગ્સ

**'પાલવ'**, દુકાન નં.૧, 'ઓ' વીંગ, વર્ધમાન નગર, ભક્તિ માર્ગ, મુલુંડ (પ), મુંબઈ-૮૦. ફોન : 25616842, 25906287

Website : wwwpalav.com, Email-contact@palav.com.

**રવિવારે સેલ દરમ્યાન દુકાન ચાલુ રહેશે...**




## નારી બહુમાન

નલીયા નારી નિગમે મુંબઈ ખાતે મહિલાદિન નિમિત્તે નલીયાની બહેનો જે વિવિધ ક્ષેત્રમાં કાર્ય કરી સિદ્ધિ મેળવી છે. એમનું અભિવાદન-બહુમાન કરેલ. એમાં અમારા નાંદેડના સૌ. નિર્મલા હીરાચંદ લોડાયા જે નલીયાના સ્વ. દેવશી વીરજી ખોના (જ્યોતિષ)ના સુપુત્રી છે. એમનો પણ બ્યુટીશીયન તરીકે અભિવાદન બહુમાન કરેલ.

સૌ. નિર્મલા લોડાયાએ ૨૮ વરસ પહેલા નાંદેડ ખાતે બ્યુટીપાર્લર ખોલેલ જે એ જમાનામાં દેશાવળની રીતરસમ મુજબ જરા અજુગતું લેખાતું. ત્યારે બ્યુટીપાર્લરનું કામ આપણાં જ્ઞાતિમાં બહુ જુજ. નિર્મલાબેને એ તમામ વિચારોને બાજુએ મુકી પુરી લગન, હિંમતથી હેમા બ્યુટી પાર્લર શરૂ કર્યું ત્યારે નાંદેડનું એ પ્રથમ બ્યુટીપાર્લર હતું. અનેક બેન-દિકરીઓએ એમાંય પ્રશિક્ષણ લઈ પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરેલ છે. નાંદેડનું એક નામાંકીત બ્યુટી પાર્લર છે.

નાંદેડના એક બહેનનું મુંબઈ ખાતે બહુમાન થયું જે નાંદેડ માટે આનંદ અને ગૌરવની વાત છે. શ્રી જૈન મિત્ર મંડળના ઉપક્રમે શા. કુલીનકાંત ગોવિંદજી નાગડા તરફથી મહાકાળી માતાજીની ભાવના બાદ સૌ. નિર્મલા હીરાચંદ લોડાયાનું શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છથી શ્રી જૈન મિત્ર મંડળ વતી બહુમાન કરવામાં આવ્યું. સૌ. દમયંતી ભરતભાઈ નાગડા દ્વારા અભિનંદન કરાયેલ.

**નાંદેડ, ૨૭.૩.૧૩ — પ્રેમચંદ મોતા**

## ૧૯૬૭ની પાવાગઢની યાત્રાની વાતો

પૂ. મહામહોપાધ્યાય યતિશ્રી મદનચંદ્રજી કેશરીચંદ્રજી મહારાજ સાહેબ શ્રી અનંતનાથજી દેરાસરજીમાં બિરાજમાન હતા ત્યારથી જ જ્ઞાતિની ઉત્કર્ષની અને જાણે અજાણે દોષો લાગેલા તેના ઉપાયો અને વિધિવિધાનો કરાવતા અને તેમના મનમાં જે કંઈ યોગ્ય ઉપાય જણાય તેની ચર્ચાઓ શ્રી દેવજી દામજી ખોના તથા શ્રી ઉમરશી દેવજી લોડાયા અને કવિચંદ સાથે વિચારોની આપલે કરતા હતા. ત્યારબાદ સાકાર કરવા યોગ્ય વ્યક્તિ આગળ રજુઆત કરતા.

૧૯૬૭ની પાવાગઢ યાત્રા અખંડ દિપક પ્રગટાવી લાવવા તેમને નિરધાર કર્યો. પ્રથમ તેમણે શ્રી જેતશી મેઘજી કુરૂવાને યાત્રા અંગે સાકાર કરવા આદેશ આપેલ. તેમજ દિવસે શ્રી ઝવેરચંદ નાંગશી દેવાણી અને શ્રી સુર્યકાંત નાંગશી દેવાણી બંને ભાઈઓ યતિશ્રી પાસે આવેલા ત્યારે યતિશ્રીએ તેમને શ્રી જેતશી મેઘજી કુરૂવાને પાવાગઢ યાત્રાનું આયોજન કરવા કહ્યું છે તેમ જણાવેલ. ત્યારે બંને દેવાણી ભાઈઓએ તરત જ પોતાને લાભ લેવા મળે તેવી વિનંતી યતિશ્રી પાસે કરતાં યતિશ્રીએ આદેશ આપ્યો કે તમે આયોજન પાર પાડો. ત્યારે બંને દેવાણીભાઈઓએ યતિશ્રીને વિનંતી કરી કે યાત્રામાં શ્રીજેતશી મેઘજી કુરૂવા સહકુટુંબ અમારી સાથે જોડાય. બંને ભાઈઓ ખુબજ ડાહ્યા અને કાબેલ હતા તેથી જે યાત્રાનો લાભ તેમણે યતિશ્રી પાસેથી લીધો તેનાં સન્માન તરીકેની સાથે આવવાની વિનંતી કરી. શ્રી જેતશી મેઘજી કુરૂવા સહકુટુંબ યાત્રામાં જોડાયા હતા.

આ યાત્રામાં માતાજીને વધાવવા માટેના સાચા સોનાના ફુલો, સાચા ચાંદીનાં ફુલો અને સાચા મોતીઓથી માતાજીને પાવાગઢમાં વધાવી અખંડ દિપક પ્રગટાવી શ્રી જેતશી મેઘજી તરફથી કરવામાં આવેલ. પાવાગઢ ઉપર માતાજીની દેરીમાં સંચાલકો-પુજારીએ માતાજીની ભક્તિ પૂજા કરવા ગંભારામાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવતા હતા અને આ ફક્ત ત્યાંનાં રાજકુટુંબને રજા આપે છે તેમ જણાવેલ. યતિશ્રીને સ્નાન કરવા દબાણ કરેલ ત્યારે યતિશ્રીએ પોતે શુદ્ધ થઈને આવ્યા છે. ફક્ત હાથ પગ ધોઈ પૂજા કરશે તેમ જણાવ્યું તે પણ એક સમસ્યા થઈ હતી ત્યારે શ્રી જેતશી મેઘજી કુરૂવાએ સંચાલકો સાથે ચર્ચા કરી સમસ્યા દુર કરી અને પોતે લાવેલ સાચા સોનાના, ચાંદીનાં, સાચા મોતીથી માતાજીનાં વધામણાં યતિશ્રીએ કરાવી દિપ પ્રગટાવી ઉદ્દેશ પાર પાડેલ. યતિશ્રીનાં આદેશ મુજબ જ બધું થતું ગયું.

દેરાસરજીમાં યાત્રા નિમિત્તેના બોર્ડમાં લખાણમાં તે સમય સંજોગો અનુસાર પહેલુ નામ શ્રી જેતશી મેઘજી કુરૂવાનું હતું અને બીજા ક્રમે શ્રી દેવાણી પરિવારનું હતું. જે ક્રમ અનુસાર છે ત્યારબાદ ઘણા સમય પછી બોર્ડ ઉપર નવેસરથી લખાણ લખાવતા પહેલું નામ શ્રી જેતશી મેઘજી કુરૂવાનું હતું તે બીજા ક્રમે કરી નાંખવામાં આવ્યું, જે યોગ્ય નથી. ઉગતાને પુજવા જેવું છે તેવું વર્તાય છે ભવિષ્યમાં બીજા પ્રસંગોમાં પણ આવું બની શકે છે. ટ્રસ્ટબોર્ડ આના ઉપર વિચાર કરે એજ વિનંતી.

**ગોરેગામ, ૧.૪.૧૩ — ભરતકુમાર જેતશી**

શુભેચ્છા સહ....

**શીતલ કોટન ટ્રેડર્સ**

**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**

(રંગપુર-કોઈમ્બતુર)

## ભગવાન પણ મૌન છે... – લીના હિરેન લોડાયા (મુલુંડ)

આજકાલ બધે દેરાસરો અને મંદિરોની સંખ્યા વધવા સાથે ભક્તોની ભીડ પણ વધી છે. ખાસ કરીને યુવાનોની. બાહ્ય રૂપથી તો આ દૃશ્ય આહ્લાદક છે. બાહ્યરૂપથી એટલા માટે કહ્યું. કારણ કે ધાર્મિકતા કે પછી ધાર્મિક ક્રિયાઓ!!!?) વધી છે પણ સમાજ અસ્વસ્થતા તરફ પ્રયાણ કરતો દેખાય છે. યુવાનોમાં અસહિષ્ણુતા વધતી જઈ રહી છે. સૌમાં સ્વાર્થ, સ્વકેન્દ્રીયતા, એકલતા, ઉદાસી અને ઉદાસીનતા વધી રહ્યા છે. શિક્ષકનાં ઠપકાને લીધે વિદ્યાર્થીએ કરી આત્મહત્યા... ઘરમાં તણાવના લીધે યુવાન સ્ત્રીએ સંતાન સાથે કર્યો આપઘાત... વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા... સ્ત્રીઓ પરના અત્યાચાર અને માદક નશીલા પદાર્થોના સેવનની વધતી માત્રા...!!! આ બધું શું સુચવે છે!? કારણ એક જ કે, ધર્મ વધ્યો પણ અધ્યાત્મિકતા એ પ્રમાણમાં નથી વધી. ધર્મ અને અધ્યાત્મ બન્ને એક જ સિક્કાની બે બાજુ હોવા છતાં ફરક એ કે આધ્યાત્મિક વ્યક્તિ ધાર્મિક હોઈ શકે (હોય જ છે). પણ ધાર્મિક વ્યક્તિ અધ્યાત્મિક પણ હોય એ જરૂરી નથી. સિવાય કે ક્યાં અપવાદ પણ જોવા મળે.

એક માતાજીનાં મંદિરની બહાર લખેલું હતું “કાલે માંગો આજે આપશે... મા સંતાનને ખોબલે ખોબલે આપશે!!!” હિંમત કરીને પુજારીજીને પૂછ્યું અલબત્ત, એકાંતમાં, કે બાપા... અગર માં આપવાનું બંધ કરે તો શું લોકો નહીં આવે...!? પંડિતજી ભીડ તરફ જોઈ, મર્માળુ હસીને કાંઈપણ કહ્યા વગર ઘણું બધું કહીને આગળ વધી ગયા!!

આ મનોમંથન વધ્યું ત્યારે થયું કે દેરાસર જઈને ભગવાન ને જ કેમ આ સવાલ ન પૂછું? કે પ્રભુ... હવે ક્યારે બોલશો!!? આ તમારી મૂરતીનાં આંખ, નાક, કાન ખુલ્લા રખાવો છો તો મુખ કેમ નહીં...!! ને જાણે મારા અંદરથી જ જવાબ આવવા લાગ્યા. જાણે ભગવાનની મૂર્તીને વાચા આવી...

“હે દિકરી, મારું મુખ બંધ છે ને એમાં જ ઘણી સારપ છે. ખુલ્લી આંખે જોઈ રહ્યો છું કે તમે માનવીઓ ને કીડીથી લઈને કૂતરા પર પ્રેમ છે. (કૂતરા પાળવાનું વધી રહ્યું છે) પણ નજીકનાં માનવીઓ પર નહીં. કૂતરાની ગંદકી નિભાવી શકો છો પણ એજ મા-બાપ, સાસુ-સસરાને નથી નિભાવતા અનીતીનો પૈસો કે જેને ઘરમાં વાપરવાની પણ મેં મનાઈ ફરમાવી છે અને મારા મંદિરો-સ્થાનકોમાં વાપરી પોતાની વાહ.. વાહ.. બોલાવો છો...!! આધુનિકતાના નામે નશો કરો છો અને બીજા દિવસે મારી પૂજા પણ કરો છો...!!

હકીકત તો એ છે કે તમે માનવીઓને તમારા પોતાના સિવાય બધાં અબોલ જ રહે એજ જોઈએ છે. ફક્ત તમે બોલો ને બધા સાંભળે રાખે!! કોઈ આલોચના તો જરાય આવકાર્ય નથી!

મારી (ભગવાનની) મુંગી મુરત તમને કોઈ શીખામણ આપી શકવાની નથી. ટીકા-ટીલા મને ખોટી રીતે કરશો તોય નથી કહી શકવાની કે મને આ નથી પસંદ. તમારા પર આધિપત્ય જમાવવાની નથી. હા! તમે મારા પર આધિપત્ય રાખી શકો. અરે બઝારમાં વેચશો તોય હું કાંઈ બોલી શકું એમ નથી !!

તમને શું કહું!? મેં ભગવાન થઈને પોતે મારી મૂર્તી ઘડતા શિલ્પીને એકવાર સપનામાં જઈને આ જ સવાલ પૂછ્યો કે તમે શિલ્પીઓ અમારૂં મુખ (હોઠ) કેમ બંધ રાખો છો? એણે કીધું......

“પ્રભો, તમેં તો ભોળાં રહ્યાં. મોક્ષવાસી રહ્યા. પણ હું તો આજ દુનિયાનો વાસી છું અને એને સારી રીત જાણું છું. અમે માનવીઓને મા-બાપ, શિક્ષક માટે માન હોય કે ન હોય પણ તમારા પર છે કારણ કે તમેં અમારી બધી વાત, સારી-ખોટી, તમને ગમે કે ન ગમે, પણ સાંભળી લો છો. જે દિવસ બોલવાનું શરૂ કરશો ને ત્યારે જેમ મા-બાપને ઘર અને શિક્ષકોને સ્કૂલ છોડાવ્યા તેમ તમને મંદિરો છોડવાનો વારો આવશે. અને તમારી આમન્યા રાખીને કદાચ તમને ન છોડાવીએ તો તમારા કહેવાતા ભક્તો તમારા મંદિરોનો ત્યાગ કરી દેશે. એટલે અમે શિલ્પીઓ તમારો મુખ બંધ રાખીએ છીએ... હવે સમજ્યા!!?

(Feedback : 9867254928)


કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## સામાજિક સુરક્ષા યોજના

શ્રી ક.દ.ઓ. વેલ્ફેર એસો. દ્વારા સંચાલિત જ્ઞાતિજનો માટેની કલ્યાણકારી પરિવાર સુરક્ષા યોજનામાં ગતવર્ષ ૨૦૧૨-૧૩ એપ્રિલથી માર્ચમાં ૨૫૩ મૃત્યુ નોંધાયા જેમાંથી ૫૩ જણાંના અવસાન ૫૫ વર્ષથી ઓછી વયના હતા. જે પૈકી માત્ર ૧૬ જણાં જ આ સુરક્ષા યોજનાના સભ્ય હતા એ ૧૬ પરિવારોના નોમીનીને યોજનાની લાભાંશની રકમ દરેકને રૂા. ૬૦ હજાર તુરંત મોકલી અપાઈ હતી. આ ૧૬ પૈકી ચાર અકસ્માતે મૃત્યુના કેસ હતા. જેમાંથી ૩ કેસમાં દરેકને રૂા. ૭૫ હજારની વીમાની વધારાની રકમ પણ ચુકવાઈ છે.

સામાજિક સુરક્ષા યોજનામાં રૂા. ૨૦૦ સભ્ય ફી અને રૂા. ૨૦૦૦ ડીપોઝીટ ભરી જોડાઈ શકાય છે. જો સભ્યનું ૫૫ વર્ષ પુર્વે મૃત્યુ થાય તો તેના નોમીનીને રૂા. ૬૦ હજાર લાભાંશ અપાય છે. અકસ્માત મૃત્યુ હોય તો વધારાની વીમાની રકમ રૂા. ૭૫ હજાર ચુકવાય છે. ૫૪ વર્ષ સુધીના વધુમાં વધુ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાય એવી અપીલ છે.

## હાઈકોર્ટમાં અનંતછાયા બાબતે સુનવણી

હાઈકોર્ટમાં નામદાર જસ્ટીસશ્રી નીતીન જામદાર સમક્ષ ૧૦/૪, ૧૫/૪ અને ૧૬/૪ના સુનવણીઓ થઈ હતી ત્યારે પક્ષકારોએ પ્રારંભિક તથા આખરી દલીલો મૌખિક સ્વરૂપે રજૂ કરી હતી. અંતે ૧૬/૪ના નામદાર સાહેબે દરેક પક્ષકારને પોતાની દલીલના મુખ્ય મુદ્દાઓ લેખિત સ્વરૂપે તા. ૨૪.૪.૧૩ના ટુંકાણમાં દાખલ કરવા હુકમ કર્યો છે. તે અનુસાર વાંધો લેનાર પક્ષકારો ડૉ. લક્ષ્મી ચંદ્રહાસ ખોના અને ચંદ્રસેન મોમાયા, અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તથા કીલેન્ડ ડેવલપર્સના વકીલો પોતપોતાની દલીલોના સમર્થનમાં ટૂંકા મુદ્દાઓ દાખલ કરશે તે પછી નામદાર કોર્ટ આ બાબતે પોતાનો આખરી ચુકાદો કઈ તારીખ આપશે તે તા. ૨૪.૪.૧૩ના જાણી શકાશે.

## ચૈત્રની શાશ્વત આયંબીલ ઓળી

વિવિધ સંઘોમાં ઠેરઠેર ચૈત્રમાસની શાશ્વતી ઓળી આયંબીલ આરાધના થઈ. આ તપ ૧૭.૪.૧૩થી ૨૫.૪.૧૩ દરમ્યાન આયંબીલ તપ સાથે શ્રીપાલ-મયણા રાસનું વાંચન અને નવપદની આરાધના ચાલી રહી છે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. સા. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત ટ્રસ્ટ દ્વારા પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સુંદર રીતે ચાલે છે. ટ્રસ્ટે પાણીની પરબ ચાલુ કરેલ છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનો લાભ લેનાર નકરા દાતાઓ : જીગર મુકેશ મોમાયા (લોનાવલા), હિરાચંદ મેઘજી ખોના (શેલુ), કસ્તુરબાઈ કેશવજી લોડાયા (હસ્તે લીના હિરાચંદ ગોસર (કારંજા).

## પૂ.સા. ગુણમાલાશ્રીજીની ગુણાનુવાદ સભા

પૂ.સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ની ગુણાનુવાદ સભા મુંબઈ મહાજનશ્રી દ્વારા ૧૪.૪.૧૩ના બપોરે ૩ વાગે શેઠ નરશી નાથા સભાગૃહ, ભાંડુપમાં પૂ.સા.શ્રી અભયગુણાશ્રીજી આ.ઠા. ૧૨ની નિશ્રામાં યોજાઈ. આ શ્રદ્ધાંજલિ-સ્મરણાંજલિ સભામાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો વતી પુજ્યશ્રીના જીવનની અનેક કાર્યપ્રવૃત્તિઓ અને સુકૃતોનો ગુણાનુવાદ કરાયો. સર્વશ્રી રાજેન્દ્ર ખોના, મહેન્દ્ર ખોના, નયન ભેદા, કુમાર દંડ, વસંત છેડા, લહેરચંદ મૈશેરી અને નવીન ધુલ્લા વગેરેએ ગુણાનુવાદ ઉદ્‌બોધન કરેલ. બધી સંસ્થાઓને પુજ્યશ્રીના નિર્મળ, પ્રભાવશાળી સંયમ જીવનને સ્મરીને ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ અર્પી. પુજ્યશ્રીએ શાસનપ્રભાવના માટે આપેલ યોગદાનની ગૌરવભેર નોંધ લેવાઈ. પૂ.સા. કલ્પગુણાશ્રીજી, રાજપ્રજ્ઞાશ્રીજી, મૌનગુણાશ્રીજી આદિ


આપની રજાઓનું આયોજન કરો...
**હોલીડે પ્લાનર્સ**

જ્યુટાઉન, કોચીન-૬૮૨૦૦૨
સંપર્ક : **શ્રી મેહુલ બી. મૈશેરી 07736025429 / 08129945429**
E-mail : into@holidayplannersonline.com

**આવો, વરસાદી પિકનીક અને કુદરતના ખોળે નિસર્ગની સંગાથે... એવરગ્રીન કેરાલા... અને દક્ષિણના પેકેજ પ્રવાસો**
**કોચીન, મુન્નાર-ટેકડી, કુમારકોમ હાઉસબોટ, કેવલમ, વાયનાડ, પોવનાર અને આંદામાન**

***ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ પેકેજ ટુરો ❖ હોટેલ રીઝર્વેશન ❖ કાર-વાહન-યાત્રા ❖ ટિકીટો બુકીંગ વગેરે સુવિધા***

દરેક ટુરમાં સંચાલક ટીમની સંગાથે,
મનભાવન ભોજન વ્યવસ્થા, ભરપુર સાઈટ સીઈંગ

હોલીડે પ્લાનર્સ.... યાદગાર ટુરનું સંભારણું...

પૂ. મહારાજ સાહેબોએ પુજ્યશ્રીના જીવનનો પ્રાસંગિક ગુણાનુવાદ કરેલ. પૂ.સા.શ્રી પૂર્ણયશાશ્રીજીએ સ્વરચિત ગીત ગાઈ ભાવાંજલિ આપી. વિવિધ સંઘો શાંતાક્રુઝ, બાયઠ, સાંયરા, ઘાટકોપર, વિક્રોલી, વડાલા, માંડલ, પરેલ, અંબરનાથ, બોરીવલી, સુથરી, વડોદરા, વસઈ, વાશી, વાંદરા, સિંધોડી આદિ સંઘો તથા બહારગામથી રાયપૂર, હુબલી, વડોદરાથી ભાવિકો પધારેલ. પૂ. આચાર્યશ્રીઓના, ગણિવર્યોના અને સાધુ-સાધ્વીજી મ.સા.ના સંદેશાઓનું વાંચન થયેલ. કાર્યસંચાલન શ્રી કુમાર દંડ અને આભાર ઋણસ્વીકાર સંસારપક્ષે પરિવાર વતી શ્રી ઠાકરશી મેઘજી ગોસરે કરેલ. ચેતનાબેન કીર્તી હરીયાએ સભાનું સંચાલન અને સ્તવન-સંગીત કાર્યક્રમ શિષ્યભાવે ઋણકૃતજ્ઞતારૂપે નિઃશુલ્ક કર્યુ.સાંજે મહાજનશ્રી દ્વારા યોજાયેલ ચૌરિહારમાં ૩૭૫ જણાંએ લાભ લીધેલ.

તા. ૧. થી ૫.૫.૧૩ દરમ્યાન મહાજનશ્રી દ્વારા પૂજ્યશ્રીના આત્મશ્રેયાર્થે સમુહ સામાયિક, પૂજા-ભાવના, અઢાર પાપસ્થાનક આલોચના, લઘુ શાંતિ સ્નાત્ર સહ પંચાન્હિકા મહોત્સવ યોજાશે.

પૂજ્યશ્રીની અંતિમવિધિ પ્રસંગે મુંબઈ મહાજનશ્રી દ્વારા થયેલ જીવદયા ફંડમાં રૂા. ૨૩૭૦૦૦ મહાજનશ્રી ૧૬૩૦૦૦ ઉમેરીને તે રૂા. ૪ લાખ ફંડ જીવદયાર્થે કચ્છની પાંજરાપોળોમાં મોકલાવાશે.

## www.kdohubli.com સાઈટના બે વર્ષ

શ્રી બિનોય નરેન્દ્ર મોમાયા (સાંયરા-હુબલી) એ હુબલીના જ્ઞાતિજનોની જાણકારી અને સંપર્ક માટે ઉપયોગી વેબસાઈટ તૈયાર કરી છે. જેને તા. ૧૬.૪.૧૩ના બે વર્ષ પુર્ણ થયા. આ સમાજોપયોગી પ્રવૃત્તિ થકી અદ્યતન તંત્રજ્ઞાનના સથવારે કે.ડી.ઓ. હુબલી એસએમએસ સર્વિસ, ઈમેઈલ ગ્રુપ, ફેસબુક પેજ, ટ્વીટર પેજ, એન્ડ્રોઈડ એપ્લીકેશન, વેબનું ગુજરાતી ભાષાંતર, અજિતનાથ દેરાસર દર્શન, બ્લોગ અને જ્ઞાતિની અન્ય વેબસાઈટ સાથે સંપર્ક જેવી કે પ્રકાશ સમીક્ષા, KuDos, સામાજિક સુરક્ષા યોજના, વસતીપત્રક વગેરે.

આ વેબસાઈટના સુધારા વધારા માટે જ્ઞાતિજનોના સુચન આવકાર્ય છે. આ વેબસાઈટના ડેવલપમેંટ માટે સહયોગ અને માર્ગદર્શન આપનારા સર્વેનો આભાર મનાયો છે.

## પૂ.સા. ગુણમાલાશ્રીજીના અંતિમ સંસ્કાર

પૂ. સાધ્વીરત્ના ગુણમાલાશ્રીજી મ.સા. ગુડીપડવાની રાતે હીરા-મોંઘી હોસ્પિટલમાં પૂ.સા.શ્રી. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પૂ.સા. શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. ના મુખે નવકાર સાંભળતા સમાધિ મરણને પામ્યા.

આ સમાચાર સાંભળતા જ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના પદાધિકારીઓ સર્વશ્રી નયન ભેદા, ચેતન મોતા, કુમાર દંડ, દિપક ગોસર અને હિરા-મોંઘી હોસ્પીટલના અગ્રણી શ્રી બીપીન ગડા તેમજ શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપના કાર્યકરો તથા શ્રી મુકેશ મૈશેરી વગેરે કાર્યકરો હોસ્પીટલમાં આવી પહોંચ્યા હતા અને પ્રાથમિક ક્રિયાઓની પૂર્ણાહુતી કરી સાધ્વીશ્રીજીને ભાંડુપ શેઠશ્રી નરશી નાથા બેંકવેટ હોલમાં લઈ આવતાં ભાંડુપ સંઘના સંખ્યાબંધ કાર્યકરોએ રાતભર જાગી સાહેબજીના દર્શન, માંડવી-પાલખી યાત્રાની સામગ્રીઓ સવારની નવકારશી, મંડપ, માઈક જેવી અનેક કાર્યવાહીને ઝડપથી પૂર્ણ કરી. સવારના પાંચથી જ દર્શનાર્થીઓના પૂર ચાલુ થઈ ગયા. સમજ, સરળતા અને શિસ્તથી કાબિલેદાદ કાર્યવાહી કરી. શ્રી લહેરચંદ મૈશેરી તથા કુમાર દંડે સૌને ગતીવિધિની જાણકારી આપી પૂ.સા.શ્રી મોક્ષગુણાશ્રીજી મ.સા.એ માંગલિક સંભળાવ્યું અને પૂ.સા.શ્રી મૌનગુણાશ્રીજી મ.સા.એ પુજ્યશ્રીના અનેકાનેક સંસ્મરણોને યાદ કરી ઉપસ્થિત ૧૨ સાધ્વીજી મ.સા. વતી ભાવ શ્રદ્ધાંજલિ અર્પણ કરી. શ્રી કુમાર દંડે સાહેબજીનો પરિચય આપતાં અંતિમવિધિની ઉછામણીઓનો આદેશ આપ્યો. દર્શનાર્થીઓની ભીડ ચાલુ જ રહી. જય, જય નંદા, જય જય ભદ્દાના પ્રચંડ સ્વરે ગગન ગાજી ઉઠ્યું. બેન્ડ પાર્ટીએ સૂરો રેલાવ્યા. ગુલાબની વર્ષાએ રાજમાર્ગ રંગીન બન્યું.

ભક્તજનો, સગા-સંબંધી સહ સૌ કાર્યકરોની સૂચનાએ પાલખી યાત્રાએ શિસ્તબદ્ધ ચાલ્યા.

પૂ.સા.શ્રી મોક્ષગુણાશ્રીજી, હિતપ્રજ્ઞાશ્રીજી, રાજપ્રજ્ઞાશ્રીજી, વિમલકિરણાશ્રીજી મ.સા. આ.ઠા. ૧૨ તેમજ અચલગચ્છના વિવિધ પરાંઓના સંઘોના મોવડીઓ, અધિકારીઓ અને શ્રાવક-શ્રાવિકાઓની નોંધનીય હાજરી રહી.

સૌએ જીવદયા અને ઉછામણીએ રૂા. ૧૭ લાખનું યોગદાન રચી ભાવ શ્રદ્ધાંજલિ અર્પી.

હીરા મોંઘી હોસ્પીટલના શ્રી બીપીનભાઈ ગડા, ત્યાંના ડૉક્ટરો, ભાંડુપના ડૉ. નીતા જૈન, ડૉ. શેઠીયા, શ્રી છત્રપતી દંડ અને ભાવિકોએ પુજ્યશ્રીની માવજત વૈયાવચ્ચમાં સુંદર સહયોગ આપ્યો. મહાજનશ્રીએ સૌને યાદ કરી અનુમોદનાસહ આભાર માન્યો.

## પૂજ્યશ્રીની અંત્ય સંસ્કાર વિધિની ઉછામણી

**ગુરૂપૂજન :** માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવાળી), **મુખ્ય ધજા :** (પૂર્વ) માતુશ્રી હિરાવંતીબેન હંસરાજ ગાલા (શેરડી), પશ્ચિમ દિશા : માતુશ્રી લક્ષ્મીબાઈ ચાંપશી છેડા પરિવાર (ભાપર), ઉત્તર દિશા : શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર (કોઠારા-

મુલુંડ), દક્ષિણ દિશા : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (બાયઠ), કળશ (પૂર્વ) શ્રી મંગલભાઈ તેજશી વીરા (બાડા), કળશ (પશ્ચિમ) માતુશ્રી ધનબાઈ કલ્યાણજી ભેદા વારાપધર-મુલુંડ, **કળશ :** (ઉત્તર) શ્રી પુષ્પાબેન ભરત શીવજી પટેલ (તેરા-મુલુંડ), **કળશઃ** (દક્ષિણ) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ હસ્તે ચેતનભાઈ મોતા, મુખ્ય કળશ (વચ્ચે) : શ્રી ક.વી.ઓ. જૈન સંઘ-ભાંડુપ, **ધર્મની ધજા :** શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપ, **કાંધ :** જમણીબાજુ (૧) શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સંઘ-મુલુંડ, (૨) શ્રી ક.વી.ઓ જૈન સંઘ (ભાંડુપ), કાંધ : ડાબી બાજુ : (૧) શ્રી ક.દ.ઓ. જૈન મહાજન (સાંયરા), (૨) કેસરબેન દામજી નાગડા, **મશાલઃ** શ્રી દામજી નરશી સોની પરિવાર (વાંઢ), શ્રી ભુપેન્દ્ર ધનજી પોલડીયા (તલવાણા), મા. સરલાબેન લક્ષ્મીચંદ નાગડા પરિવાર (નલીયા), મા. સોનબાઈ લખમશી ખોના (નલીઆ) હસ્તે ફાલ્ગુનભાઈ, **ગુલાલઃ** શોભનાબેન ગોવિંદજી મોમાયા (રાણપુર-ભાંડુપ), **અગ્નિદાહ :** મા. સોનબાઈ મેઘજી હીરજી ગોસર પરિવાર (બાયઠ), માતુશ્રી ખેતબાઈ ખીમજી લાપસીયા પરિવાર (સાંયરા), શ્રી ચાંપશી માણેકજી લોડાયા (ઘાટકોપર).

### અમલનેર મહિલામંચ

અત્રે ૩૧.૩.૧૩ના રોજ સૌ. જાગૃતિ પંકજ ધરમશીની માસિક પુણ્યતિથી નિમીત્તે માતુશ્રી જયાબેન ગુલાબચંદ ડાઘાના ઘરે સમુહ સામાઈક અને જાપ રાખવામાં આવેલ. સૌને પ્રભાવના અપાઈ. ૧૨.૪.૧૩ના સૌ. લક્ષ્મીબેન કિશોર ગોસર તરફથી સમુહ સામાઈક અને જાપ થયેલ. તેમના તરફથી પ્રભાવના અપાઈ.

### કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી ક્લબ, મુંબઈ

૧૭.૩.૧૩ના ક્લબના ૨૬ સભ્યોએ ધારાવી બસ ડેપો નજીક આવેલ ૫૬ એકરના મુંબઈ નગરપાલિકાના નેચર પાર્કની મુલાકાત લીધી હતી.

પાર્કમાં ૧૨ વાગે પહોંચી, પાર્કમાં આવેલ વિવિધ પ્રકારના ઝાડો, ઔષધિય ગુણો ધરાવતી વનસ્પતિના છોડો, ત્યાં રહેતા અને આવતા પક્ષીઓની જાણકારી આપતી ડૉક્યુમેન્ટરી ફિલ્મ જોઈ. બપોરના સ્વાદિષ્ટ ભોજન બાદ પાર્કના ગાઈડ સાથે ત્યાંના વિવિધ ભાગોમાં ખાસ પ્રકારના ઝાડો, છોડો, પક્ષીઓ જોયાં. ગુલાબ, મોગરા અને અન્ય ફુલોના છોડ, શાકભાજીના છોડ. નર્સરીમાં વેચવામાં આવે છે, જેની ઘણાં સભ્યોએ ખરીદી કરી. દર રવિવારે, ખેડુતો પોતાના ખેતરમાં ઓરગેનીક ખાતરથી ઉગાડવામાં આવતા ફળ, શાકભાજી વેચવા સ્ટોલ રાખે છે સભ્યો ત્યાં ખરીદી કરી હતી.

નેચર પાર્ક તરફથી ભેટરૂપે પાર્કની વિગત જણાવતી સચિત્ર પુસ્તિકા ક્લબને આપવામાં આવી હતી.

**આગામી કાર્યક્રમોઃ** શનિવાર ૨૫.૫.૧૩ની સાંજના ૬ વાગે સાયનના સન્મુખાનંદ હોલમાં જુના ફિલ્મી ગીતોનો કાર્યક્રમ છે. ટીકીટ રૂા.૧૦૦ સભ્યદીઠ શનિવાર ૧.૬.૧૩ હીના ટુર્સ સાથે મંચારમાં આવેલ ભાગ્યલક્ષ્મી ફાર્મ તથા એશિયાની સૌથી મોટી ચીઝ ફેક્ટરીની મુલાકાત રહેશે. આજીવન સભ્યો માટે રૂા. ૮૦૦ અન્યો માટે રૂા. ૧૧૦૦. બન્ને કાર્યક્રમો માટે ૩૦.૪.૧૩ પહેલાં નામ નોંધાવવા. સંપર્ક : રતિલાલભાઈ-૨૪૦૨૧૮૫૯ અથવા વનિતાબેન-૯૮૨૦૮૧૦૪૯૯.

૧૫.૪.૧૩ના મળેલ ક્લબની મેનેજીંગ કમિટીની મિટીંગમાં શ્રીમતી વનિતાબેન હરીશ નાગડા માનદ્ મંત્રી અને શ્રી લલિતકુમાર કાંતિલાલ લોડાયા-સહમાનદમંત્રી એક વર્ષ માટે ચુંટવામાં આવ્યા છે.

ક્લબના સભ્યો અને મહેમાનો મળી ૨૬ જણાં ૨૫.૩ થી ૫.૪.૧૩ એમ ૧૨ દિવસના આસામ, મેઘાલય અને અરૂણાચલ પ્રવાસે ગયેલા.

૨૫મીના બધા સાંતાક્રુઝથી ફ્લાઈટમાં બપોરે ૨.૩૦ કલાકે ગૌહતી પહોંચ્યા. સફરમાં લાડુ, કચોરી, ચેવડાનો નાસ્તો લીધો.

ગૌહાતીમાં કામયાક્ષી માતાના દર્શન કરી તેજપુરમાં રાત રોકાયા. ૨૬મીની સવારે તેજપુરના દેરાસરમાં દર્શન કરી ત્યાં બિરાજમાન પૂ.આ.શ્રી વિનયસાગરસુરીશ્રીને વંદન કરી. વ્યાખ્યાનનું રસપાન કરી હીરાંગ પહોંચ્યા. ત્યાં રાત્રી મુકામ કર્યો ત્યાં કડકડતી ઠંડી હતી.

૨૭મીના હોળી હોવાથી જામનગરના શ્રીમતી કલ્પનાબેને લાવેલ ગુલાલથી હોળી રમ્યા. ત્યાંથી ૧૪,૦૦૦ ફુટ પર આવેલ સેલા પાસ ઉપરથી પસાર થઈ બરફ જેવી ઠંડી હવામાં બપોરે ભોજન લીધું. રાત્રે ટવાંગ પહોંચી ત્યાં રોકાયા. ૨૮મીના ત્યાં બુદ્ધ ભગવાનની મોટી મુર્તી વિહારમાં દર્શન કર્યા અને મ્યુઝીયમ જોયું. બપોરે તાવાંગ યુદ્ધ મેમોરીયલ જોયું અને ફોટા પાડ્યા. ૨૯મીના તાવાંગની બજાર જોઈ, ખરીદી કરી, ઉરેલીંગ વિહાર જોયું. બપોરે શ્રીમતી વનિતાબેન અને ભારતીબેને


**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |

**પેમેન્ટ ચેક CDO PRAKASH SAMIKSHA ના નામે મોકલવું.**

રમતો/હાઉઝી/ક્વીઝ માણી વિજેતાઓને ઈનામો આપ્યા.

૩૦મીના તાવાંગ છોડી રસ્તામાં તાજા સ્નોથી છવાયેલ લીલા પાઈન ઝાડોના જંગલો પસાર થયા. આવા સુંદર બર્ફીલા વાતાવરણમાં ૪/૫ કલાક પસાર કરતાં બધા યાત્રિકોને ખુબજ મઝા પડી. રસ્તામાં વીર જવાન જશવંતસીંઘનું સુંદર સ્મારક જોયું. વર્ષ ૧૯૬૨થી ત્યાં અખંડ જ્યોત જલે છે અને પસાર થતાં બધા યાત્રીકોને ત્યાં ગરમ ચા અપાય છે. તે રાત્રે બોમડીલામાં રોકાયા. ૩૧મીની સવારે નાસ્તો કરી ભાલુકપોંગ પાંચ કલાક સફર કરી ત્યાં રાત રોકાયા.

૧.૪ના સવારે ૩ કલાક વહેતી નદીમાં રાફ્ટીંગ કર્યું. ભોજન પછી ૪ કલાક સફર કરી કાઝીરંગા નેશનલ પાર્કના રીસોર્ટમાં રાત્રી રોકાયા. ૨-૪ની વહેલી સવારે હાથી પર અને જીપમાં નેશનલ પાર્કમાં ફર્યા અને નજીકથી ગેંડા, હરણો, પક્ષીઓનાં ઝુંડ જોયા. ભોજન બાદ ટ્રાઈબલ વિલેજ જોઈ અને ૮ કલાકની મુસાફરી કરી શિલોંગ પહોંચ્યા. ત્યાં ત્રણ દિવસ રોકાયા.

૩-૪ના અતિ ધમધમતા ભરચક શિલોંગમાં બોટોનીકલ ગાર્ડન, લૅક અને સના ફોલ્સ જોયા અને બોટીંગ કરી. ડૉન બોસ્કોનું સાત માળનું વિશાળ મ્યુઝીયમ જોયું. અને આસામના સાત સ્ટેટની અલગ પ્રજા, તેનો ઈતિહાસ, વ્યવસાય, રિતરિવાજો અને સંગીત/નૃત્યની પુરી વિગત સમજાવે છે અને તેની ફિલ્મ પણ બતાવી.

૪થીના ચેરાપુંજી ગયા. ત્યાં સુદર મોટા બગીચામાં ફર્યા અને ઝાડ/ફુલોની અસંખ્ય જાતો જોઈ ત્યાંના ત્રણ ધોધ જોયા અને બધા યાત્રિકોએ આસામીસ ડ્રેસમાં ફોટા પડાવ્યા. ૫મીની સવારે કેટલાક ટ્રેનથી તો કેટલાંક વિમાન માર્ગે પાછા ફર્યા.

પ્રવાસમાં ભોજન/રહેણાંક/જોવાના સ્થળોની મુલાકાત વગેરે વ્યવસ્થિત આયોજન થયેલ. પ્રવાસ દરમિયાન ૨.૪.૧૩ના ક્લબે ૧૦મો વાર્ષિક દિવસ દુધપાક-પુરીના જમણ સાથે ઉજવેલ.

### શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

ટ્રસ્ટ દ્વારા મુંબઈ મહાજન અંતર્ગત જ્ઞાતિજનો માટે તા. ૧૧.૪.૧૩ના ઘાટકોપર પોલીસ ફુટબોલ ગ્રાઉન્ડમાં ભલારાદાદા પહેડી દિને બપોરે ૩ થી મોડી સાંજ સુધી જ્ઞાતિજનો માટે મેગા મેડીકલ ચેક અપ કેમ્પ યોજાયેલ. આ મેડીકલ તપાસણી કેમ્પનું ઉદ્ઘાટન શ્રી ભુપેન્દ્ર મુરજી દંડે મહાજન-ટ્રસ્ટની ટીમ અને જ્ઞાતિજનોની બહોળી સંખ્યાની હાજરીમાં કર્યું. ટ્રસ્ટ અને મહાજનશ્રીની ટીમ તથા કાર્યકરોએ જ્ઞાતિજનો માટેના મેડીકલ ચેકઅપ કેમ્પને જહેમત લઈ સફળ બનાવેલ. સામાન્યતઃ બહાર રૂા. ત્રણેક હજારમાં થતી વિવિધ ટેસ્ટો માત્ર રૂા.૩૦૦માં કરાવી આપીને સુંદર સમાજ સેવા કાર્ય થયું. મેટ્રોપોલીસ લેબ દ્વારા તપાસણી સુવિધાઓ ગોઠવાઈ હતી. અંદાજે ૩૦૦થી પણ વધુ જ્ઞાતિજનોએ આ કેમ્પનો લાભ લીધેલ. ટ્રસ્ટી ડૉ. રાજેન્દ્ર કુરવાએ માર્ગદર્શન કરેલ. ટ્રસ્ટ દ્વારા રાહતદરે કે જરૂરિયાતમંદોને નિઃશુલ્ક વીમા યોજનાનું કવરેજ અપાય છે.

ભાંડુપમાં ડાયગ્નોસ્ટીક અને કન્સલ્ટીંગ સેંટર સ્થાપવા વિચારણા છે.

### શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન શિબિર

મુંબઈ મહાજનશ્રીના ઉપક્રમે એજ્યુસ્પાર્ક શિક્ષણ સમિતિ દ્વારા ૧૪.૪.૧૩ના સવારે ભાંડુપમાં શેઠ નરશી નાથા સભાગૃહ એ.સી. હોલમાં જ્ઞાતિના છાત્રો માટે "એસએસસી પછી શું?" શૈક્ષણિક કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયેલ. સમિતિના ચેરમેન શ્રી હેમાંગ ધરમશી અને કાર્યકર ટીમે છાત્રો માટે ઉચ્ચ અભ્યાસના વિવિધ લાભદાયક કોર્સ, છાત્રની રસરુચિ મુજબના કેરીયરની લાઈન વગેરે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન કરાયું. છાત્રો અને વાલીઓને શ્રેષ્ઠ કારકિર્દીની ઉજળી તકો અને વિકલ્પોની માહિતી અપાઈ. આ કાર્યક્રમમાં મહાજનશ્રીના કાર્યકરો, સમિતિની ટીમ, શૈક્ષણિક સંસ્થાના પ્રતિનિધિઓ, અરીહંત બેંક વગેરે સર્વે સહભાગી થયા હતા.

જ્ઞાતિની સર્વે શિક્ષણ સંસ્થાઓ એક છત્ર હેઠળ આવી જ્ઞાતિ છાત્રો માટે ઉચ્ચ શિક્ષણનું માર્ગદર્શન અને ઉચ્ચ શિક્ષણ માટે લોન સહાયતા આદિ કાર્ય સંકલન થાય છે

### શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત જ્ઞાતિ મહાજનની મેડીકલ સમિતિની એક સભા તા. ૧૧.૪.૧૩ના ઘાટકોપરમાં શ્રીમતી ઈંદિરાબેન

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર
(વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

જયંતિલાલ વિકમશીના ઘરે મળેલ જેમાં જ્ઞાતિજનો માટે રાહતદરે મેડીકલ સુવિધા, તબીબી પ્રશ્નો વિષયક માર્ગદર્શન અને મેડીકલ ઈન્સુરન્સ વિષે વિશદ ચર્ચા વિચારણ થઈ. જ્ઞાતિજનોને મેડીકલ ક્ષેત્રે રાહત મળે તેવી વ્યવસ્થા ગોઠવવા સર્વે મહાજનો-સંસ્થાઓના સહયોગે સર્વગ્રાહી યંત્રણા ઉભારવા અને જરૂરીયાતમંદોને ઈન્સુરન્સ કવરેજ કરવા મદદરૂપ થવા માટે સમુચિત ફંડઝ ઉભું કરવા આયોજન વિચારાયું. આ બાબતે મેડીકલ ક્ષેત્રમાં પ્રવૃત્ત સર્વે ટ્રસ્ટો, મહાજનો સંસ્થાઓ અને જ્ઞાતિ અગ્રણીઓ, ડૉક્ટરોની સભા લઈ આગળની કાર્યવાહી નક્કી કરવાનું વિચારાયું.

મેડીકલ ઈલાજ-સારવાર માટે મુંબઈ આવતા જ્ઞાતિજનો જરૂરી માહિતી માટે શ્રી મુકેશ દામજી મૈશેરી (મુલુંડ), ભરત મૈશેરી (મુલુંડ) નો સંપર્ક કરવા જણાવાયું છે.

## મુલુંડમાં ભારતીય સંસ્કૃતિનો અધ્યાત્મિક મેળો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા ૨૧.૪.૧૩ના સાંજે ૫.૩૦ વાગે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર અધ્યાત્મિક મેળો શ્રી દત્ત ક્રિડા પ્રબોધિની સંકુલ ડીમાર્ટ સામે, મુલુંડ (વે)માં યોજાયો છે. આ મેળો ૨૧ થી ૨૮.૪.૧૩ દરમ્યાન સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૯ ખુલ્લું રહેશે. આ મેળામાં ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મિક સંસ્કારોની ઝલક દર્શાવાશે જે ભારતની અસ્મિતાની ઓળખ છે.

આ પ્રદર્શન મેળામાં વ્યક્તિત્વ વિકાસના કેમ્પ, મહિલા સશક્તિકરણ, બ્લડ ડોનેશન કેમ્પ, રાજયોગ શિબિર, ભારતના વિવિધ રાજ્યના સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ કળાના વર્કશોપ, વિવિધ સ્નેહમિલન, કવિ સંમેલન, કેરીયર ગાઈડન્સ અને જોબ મેળો, હેલ્થ અને આંખ તપાસણી વગેરે કાર્યક્રમો રહેશે. રવિવાર ૨૮.૪.૧૩ના કચ્છી-ગુજરાતીઓનું સ્નેહમિલન રહેશે.

વિશેષમાં આયોજકોએ સમસ્ત જ્ઞાતિ મહાજનના માધ્યમે મેળામાં યોજાયેલ કેરીયર ગાઈડન્સ અને જોબ નોકરીની તકો માટે જ્ઞાતિ યુવાઓને લાભ લેવો અનુરોધ કરેલ છે.

## સ્વસ્તિક ગ્રુપ-ડોંબીવલી દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ

સ્વસ્તિક-ડોંબીવલીના યુવાઓએ ૧૪.૪.૧૩ ના જ્ઞાતિસ્તરે મર્યાદિત ઓવરોની ક્રિકેટ ટુર્નામેંટ યોજી હતી. જેમાં ૮ ટીમોએ ભાગ લીધેલ. આ મેચના મુખ્ય દાતાઓ મા. ખમાવંતીબેન ચીમનલાલ ખોના, મા. તારાબાઈ માણેકજી મોતા પરિવાર અને મા. ચંપાબાઈ હંસરાજ ડાઘા પરિવાર તથા સહયોગી દાતાઓ : મા. ગંગાબાઈ ભવાનજી લોડાયા, મા. કંચનબેન વીરચંદ દંડ, શ્રી શામજી શીવજી લોડાયા, શ્રી ગિરીશ વીરજી ડાઘા અને શ્રી નરેન્દ્ર હંસરાજ લોડાયા હતા.

રસાકસીભરી આ ટુર્નામેંટમાં શ્રી શૈલેષ સી. ખોનાએ વિવિધ ટ્રોફીઓ અને રોકડ ઈનામો જાહેર કરેલ. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી વીરેન્દ્ર ચૌહાણ તથા પોલીસ વડા શ્રી ગાયકવાડ તથા સમાજ અગ્રણીઓએ પધારીને યુવાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સાંજે વિજેતાઓને ટ્રોફીઓ તથા ઈનામો અપાયા હતા.

આ ટુર્નામેંટમાં રામાપીર ઈલેવન જુનીયર વિજેતા બની સ્વસ્તીક-૨૦૧૩ કપ પ્રાપ્ત કરેલ અને એક્ઝીમ ઈલેવન રનર અપ બની હતી. ગ્રુપ દ્વારા ટુર્નામેંટ માટે અને ખેલાડીઓ માટે સુંદર વ્યવસ્થા કરાઈ હતી.

## વરસીતપ આરાધકોના અતરપારણા

ભારતભરમાં વસતા સમસ્ત જ્ઞાતિના વર્ષીતપ આરાધકોના અત્તર પારણા ચૈત્ર વદ ૧૦ને ૪.૫.૧૩ના સાંજના ૪ કલાકે મુલુંડ (ઈ)માં રાખેલ છે. સ્થળ : શ્રી મલુંડ અચલગચ્છ જૈન સંઘ (ઈસ્ટ), દેસાઈવાડી, ગણેશ ટોકીઝની બાજુમાં, મુલુંડ(ઈ).

તપસ્વીઓની પ્રભાવના આવી ગયેલ છે જે ૫.૫.૧૩ સુધીમાં શ્રી કિશોર કાયાણીનો સંપર્ક કરીને લઈ જવા જણાવાયું છે.

અત્તર પારણાના લાભ લેનાર મુલુંડ ભાગ્યશાળી પરિવારો : મા. સોનબાઈ ખીમજી કાયાણી (જખૌ), મા. ગુણવંતી મણીલાલ નાગડા (નલીયા), મા. લક્ષ્મીબાઈ રાયચંદ ધુલ્લા (સુથરી), મા. ખેતબાઈ લાલજી સોની (સુથરી), સૌ. પુષ્પાબેન રાયચંદ સોની (સુથરી), મા. વેલબાઈ વેરશી પોલડીયા (બાયઠ). સપર્ક : કિશોર કાયાણી-09920411795/09920195551, હિરાચંદ રાયચંદ ધુલ્લા-09619901907.

## સાભાર-સ્વીકાર : કચ્છ અર્પણ

'કચ્છ-અર્પણ' માર્ચ ૨૦૧૩નો અંક બહાર પડેલ છે. કચ્છનાં મહા કવિ નિરંજનનાં સદાબહાર ગીત 'મુંજી માતૃભૂમિ કે નમન' ને મુખપૃષ્ઠ પર જીવંત કરે છે ગાંધીધામના જયેશ ભેદા, એક કુદરતી સૌંદર્યની અત્યંત લાવણ્યભરી તસવીરથી, જેને જોતાં જ કચ્છ પહોંચી ગયાનો આભાસ થાય છે.

આ અંકમાં વ્યક્તિ વિકાસમાં 'ગ્રાહકની સેવા આપશે મેવા' ની વાત છે. મુખપૃષ્ઠની કવિતાનાં કવિ નીરંજનની કવિતા પરનો લેખ 'મુંજી માતૃભૂમિ કે નમન' માં ડૉ.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

ગિરીશ વીછીવોરા આ કવિતાની અદ્ભુતતાનો પરિચય આપે છે. 'રોમ રોમની ભાષા' માં ડૉ. ગુલાબ દેઢિયા માનવીનાં સંવેદનાના ઘર સમાન અંગોને ખૂબીથી વર્ણવે છે. ચંદ્રવદન મહેતાનો લેખ 'કચ્છી સપુત માનસંગજી બારડ' વધુ એક કચ્છીનો પરિચય કરાવે છે જેણે પોતાનાં કાર્યોથી કચ્છનું નામ રોશન કરેલ છે. આ લેખ સમગ્ર અંકનાં આકર્ષણનું કેન્દ્ર છે. 'આવા હતા જગડુ શાહ' માં પૂ.નરેશ મુનીશ્રી આપણને કચ્છનાં આ દાનવીરનો પરિચય અનોખી રીતે આપે છે. કચ્છી ભાષા વિષેની ડૉ. વિસન નાગડાની કોલમ, 'મારી માં' રવિ પેથાણી 'તિમિર' માતૃત્વની અનુભૂતિ કરાવે છે. વાર્તા-વજઘાતમાં પ્રભુલાલ ધુફારી જમાવટ કરે છે. ઉપરાંત કવિ 'તેજ' ની કચ્છી રચના 'ટીટોડી ટહુકા કરે' નો ગુજરાતી અનુવાદ તથા હંમેશની જેમ 'આપણી વિરાસતો' માં પ્રમોદ જેઠી 'હોળી ચકલાનાં નાકાં' ની વાત કરે છે. આપણી વેબસાઈટમાં આ વખતે www.fokia.org નો પરિચય છે, તો વતનનાં વાવડ, સાહિત્ય અવલોકન, કીચન કોર્નર ધ્યાન ખેંચે છે. કચ્છી પુસ્તક મેળો તમને કચ્છી લેખકોનાં પુસ્તકો ઘેર બેઠા પહોંચાડે છે. 'કચ્છ અર્પણ' નો આગામી અંક મે, ૨૦૧૩માં બહાર પડશે. હાલમાં ૫ વર્ષનાં લવાજમ સાછે 'કચ્છ ગાઈડ' ભેટરૂપે અપાય છે.

## મૈશેરી ગોત્ર પરિવાર

કોઠારા સ્થાને નમતા મૈશેરી ચામુંડામાની પાંચમી કુળની પહેડી ૧૫.૪.૧૩ના શ્રી જીવરાજ ભાણજી હોલમાં ૩૫૦ જણાંની હાજરીમાં પ્રીતી ગોગરી અને સાથી કલાકારોના ગીત-સંગીત સથવારે સંપન્ન થઈ.

પહેડીના દાતા માતુશ્રી માનબાઈ દામજી ખીંયશી સહપરિવાર હતા. આગામી પહેડી-માતુશ્રી બાંયાબાઈ (ધનબાઈ) જેઠાભાઈ રાજપાર મૈશેરી (અમલનેર/લાલા) પરિવાર તરફથી છે.

શ્રી મુકેશ દામજી મૈશેરી (મુલુંડ) શ્રી સંઘના સેક્રેટરી પદે નીમાયા. તેઓશ્રીનું ઉચિત ગૌરવ કરાયું. મૈશેરી કુળમાં ઉચ્ચ ડીગ્રી મેળવનાર ચાર વદ્યાર્થીઓને ગૌરવ તિલક કરાયું. લાભાર્થી પરિવારની પણ અનુમોદના કરી કમીટી દ્વારા સંભારણું એનાયત કરાયું.

સ્વેચ્છાએ રૂા. ૨૭૦૦૦ નો ફાળો નોંધાયો. લહેરચંદ મૈશેરીએ કાર્યક્રમ સંચાલન કર્યું. કાર્યકરો સર્વ શ્રી મહેશ રાઘવજી, ખુશાલ વેલજી, હંસાબેન ખુશાલચંદ, નિર્મલા બહેન વગેરેની સેવા નોંધનીય રહી.

## ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના ઉપક્રમે શનિ-રવિ. તા. ૨૫ અને ૨૬.૫.૧૩ના જ્ઞાતિના ૧૫ વર્ષથી ઉપરના યુવા માટે શાહપુર, ધર્મચક્ર, દેવલાલી, નાસિક, વણી દર્શનયાત્રા અને ઈન્ડસ્ટ્રીયલ વીઝીટમાં શ્રી ચાંપશી માણેકજી લોડાયાની MITC રોલીંગ મિલ્સ પ્રા. લિ. ડીંડોરી (નાસિક)ની મુલાકાત લેવાશે.

આ બે દિવસના કાર્યક્રમ માટે વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધણી કરાવવા જણાવાયું છે. વધુ માહિતી માટે : મયંક જીતેન્દ્ર મોમાયા-9022295750, ભાવિન અરુણ નાગડા-9022466244, નેહા મહેન્દ્ર ખોના-9920353128.

## પંચગીનીમાં રાજલક્ષ્મી આરોગ્યધામનું ઉદ્ઘાટન

મહાબળેશ્વરના પ્રવેશદ્વારે પંચગીની હિલ સ્ટેશન પર મુખ્ય માર્ગ પર ભવ્ય રાજલક્ષ્મી આરોગ્યધામનું ઉદ્ઘાટન સમારોહ યતિવર્ય શ્રી મોતીસાગરજી મહારાજશ્રી તેમજ સમાજની અગ્રગણ્ય વિભુતીઓની ઉપસ્થિતિમાં ૧૫.૪.૧૩ના સાનંદ સંપન્ન થયું.

યતિવર્યશ્રીએ વહેલી સવારથી શાસ્ત્રોક્ત વિધિવવિધાન મુજબ અનુષ્ઠાનો કરાવ્યા તેમજ શાંતિસ્નાત્ર ભણાવેલ. આવનાર મહાનુભાવોનું ઢોલ-શરણાઈ સહ પાઘડી પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું.

સર્વશ્રી રવિભાઈ સંગોઈ, રાયચંદભાઈ ધરમશી, કિરિટભાઈ લાપસિયા એવમ્ અન્ય શ્રેષ્ઠી મહાનુભાવો સર્વશ્રી ભૂપેન્દ્રભાઈ દંડ, પારસભાઈ મૈશેરી, વિનોદ ધુલ્લા, જયેશ જૈન, રમેશ મોતા, જયંત સોની, નયન ભેદા, ચેતનભાઈ મોતા, કલ્પેશભાઈ તથા નિલેશભાઈ મોતા, અંબામાના ભુવા હિરાચંદભાઈ પટેલ, શ્રી છત્રપતિ નરશી દંડ, શ્રી ચાંપશી ભવાનજી શાહ, વડાલા સંઘના સર્વે ટ્રસ્ટી મહોદયો, શ્રીમતી સુશીલાબેન ચંદુલાલ ધરમશી એવમ્ અન્ય આમંત્રિતોની નોંધનીય ઉપસ્થિતી રહી.

સવારે ૧૧.૪૫ વાગ્યે યોજેલ સમારોહમાં શ્રી સોમચંદ લોડાયાએ મંગલાચરણ સ્વાગત પ્રવચન આપ્યું. વડાલા સંઘ તેમજ અંબામાના ભાવિકો મોતા પરિવાર તરફથી શાલ, શ્રીફળ, હાર, તિલક, મુગટ પહેરાવી માતુશ્રી પૂ. રાજબાઈમાં તેમજ શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતાનું અભિવાદન સન્માન કરવામાં આવ્યું. જેને તાળીઓમાં ગડગડાટથી સૌએ વધાવી લીધેલ. વડાલાસંઘના ટ્રસ્ટી શ્રી ભવાનજીભાઈ, મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયનભાઈ ભેદા તથા શ્રી જયેશભાઈ જૈનના પ્રાસંગિક પ્રેરક ઉદ્બોધન રહ્યા. આભારદર્શન શ્રી હર્ષદભાઈ લક્ષ્મીદાસ દાવડાએ કર્યું.

ત્યારબાદ સર્વએ વરઘોડાકારે ઢોલ-શરણાઈના સૂરો સાથે આરોગ્યધામના મુખ્ય દ્વાર પર પ્રસ્થાન કર્યું. અને બપોરે વિજય મુહુર્તે પૂ. યતિવર્યના માંગલિક સહ માતુશ્રી રાજબાઈ અને આરોગ્યધામના નિર્માણ તેમજ પ્રણેતા

શ્રી લક્ષ્મીચંદભાઈ ધારશી મોતાના શુભ કરકમળો દ્વારા રીબીન કાપી આરોગ્યધામનું મંગલ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તાળીઓના ગડગડાટ અને શરણાઈના સૂરોએ વાતાવરણ ગુંજી ઉઠ્યું.

આ આરોગ્યધામમાં ૨૫૦૦ ફૂટનો હોલ, અદ્યતન સગવડવાળી રૂમો, વિશાળ પાર્કીંગ, ભવ્ય લોંજ, ટેરેસ તથા હરિયાળી સભર બગીચો વગેરે સુવિધા સાથેનું અદ્યતન સંકુલ મે અંત સુધીમાં સંપૂર્ણ તૈયાર થઈ જતાં ઉપયોગમાં લઈ શકાશે. સમસ્ત જ્ઞાતિ માટે આ એક નવલું નઝરાણું છે. દાનવીર શ્રી લક્ષ્મીચંદભાઈએ તન-મન-ધનથી આ સુંદર મહાલયનું નિર્માણ કરાવ્યું છે.

શ્રી ચેતનભાઈ મોતા અને સમગ્ર ટીમે સવાર સાંજ સ્વાદિષ્ટ નાસ્તો તથા ઉત્તમ ભોજનનો રસાસ્વાદ કરાવ્યો. ભવ્યતાની ઝાંખી કરાવતા આ અત્યાધુનિક ધામની યાદોને વાગોળતા સાંજે સૌ મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

## મુંબઈમાં વાછરાદાદાની પહેડી સંપન્ન

સાંધવના વાછરાદાદાની ૨૨મી પહેડી શનિ ૧૩.૪.૧૩ના સાંજે ઝવેરબેન પોપટલાલ સભાગૃહ-ઘાટકોપરમાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈના ઉપક્રમે લાભાર્થી શ્રીમતી હંસાબાઈ હીરાચંદ અરજણ પટેલ પરિવાર (બાંઢીયા-ઐરોલી) તરફથી આનંદ-ઉમંગ સંપન્ન થયેલ. ગ્રુપ તેમજ પહેડીના લાભાર્થી પરિવાર તરફથી આમંત્રણને માન આપીને સાંધવ, નલિયા, વાંઢ, ભુજ, ગાંધીધામ, મુંદ્રા, અમદાવાદ, વાપી, અંકલેશ્વર, રાજકોટ, ખંડવા, જલગામ, નાંદેડ, નાસિક, અલીબાગ, લોનાવલા, લોકાપુર, રાયપુર, ગોંદીયા, જબલપુર, મુર્તીજાપુર વડોદરા, બેલારી અને મુંબઈભરથી ભાવિકો પધારેલ. ૧૫૦૦જણાંની સારી હાજરી રહી.

સંગીતકાર શ્રી કૌશિક બારોટ (પાલીતાણા), નીતા ભાનુશાલી, અજીતસિંહ ઝાલા, આદિ કલાકારો દાદાની ભક્તિભાવનાની સારી રમઝટ જમાવેલ. આવતા વર્ષની પહેડી પ્રસાદ ૨૦.૪.૧૪ના રાખવામાં આવેલ છે.

## લાલછતા પીરની પહેડી

સાંધવગામના લાલછતાપીરની ૨૪મી પહેડી પ્રસાદના ૧૪.૪.૧૩ સવારના સારસ્વતવાડી એસી હોલમાં માતૃશ્રી વીરબાઈ રાઘવજી લોડાયા હસ્તે ભવાનજીભાઈ (મુલુંડ) તરફથી રાખવામાં આવેલ. સાંધવવાસીઓ, નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનોએ સારી સંખ્યામાં પહેડી પ્રસાદનો લાભ લીધેલ. આવતા વર્ષની પહેડી પ્રસાદ ૨૦.૪.૧૪ના રાખવામાં આવેલ છે.

## સચ્ચામાતાની પહેડી

સાંધવગામના સચ્ચામાતાજીની પ્રથમ પહેડી પ્રસાદ ૧૪.૪.૧૩ના સાંજના શેઠ નરશી નાથા એસી સભાગૃહ-ભાંડુપમાં યોજાયેલ પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર હ. સુપુત્રો સંદિપ અને નીરવ તરફથી રાખવામાં આરેલ.

સાંધવવાસીઓ, દેશ-દેશાવરથી સારી સંખ્યામાં પધારેલ. આમંત્રણને માન આપી સાંધવવાસીઓ લોડાયા પરિવારની નિયાણીબહેનો અને આમંત્રિત મહેમાનો સારી સંખ્યામાં પહેડી પ્રસાદનો લાભ લીધેલ છે. સંગીતકાર કૌશીક બારોટ (પાલીતાણા) અને પાર્ટીએ માતાજીની ભક્તિ ભાવનામાં રમઝટ જમાવેલ. આવતા વર્ષની પહેડી પ્રસાદ ૨૮.૪.૧૪ના રાખવામાં આવેલ છે.

## સૌ. મહિમા મોહિત દંડ

સૌ. ડૉ. મહિમા મોહીત દંડ (MDS) ધર્મસ્થળ મંજુનાથેશ્વર ડેન્ટલ સાયન્સ કોલેજમાં પ્રોફેસરપદે કાર્યરત છે. હાલમાં રોટરી ડીસ્ટ્રીક્ટ ક્લબ દ્વારા ગ્રુપ સ્ટડી એક્સચેંજ કાર્યક્રમ હેઠળ એક માસ માટે ગ્રુપ લીડર તરીકે કેલીફોર્નિયા અમેરીકા ગયા છે. ડૉ. મહિમા સૌ. મનોરમા-તિલકચંદ લોડાયા (સાંયરા-ચેન્નઈ)ના દીકરી છે. યુવા પ્રવૃત્તિઓ અને વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમોમાં તેમનું નાની વયથી જ સક્રિય યોગદાન રહ્યું છે. આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન.

## શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ-મુલુંડ

મંડળ દ્વારા ૫.૧૧ થી ૧૪.૧૧ કોસ્ટલ કર્ણાટક પ્રવાસ યોજાયો છે. જેમાં કુર્ગ, ધર્મસ્થળ, કારકલ, મુડબીદ્રી, માલપે બીચ, સોપારનીકા રીવર, મરૂડેશ્વર, જોગ ફોલ્સ, સીરસી, કુમઠા તીર્થોની યાત્રા અને જોવાલાયક સ્થળોને આવરી લેવાશે. નામ નોંધણી માટે રૂા. ૫૦૦૦ ડીપોઝીટ ભરી મંડળના કાર્યાલયે વહેલો તે પહેલોનાં ધોરણે સંપર્ક કરવા જણાવાયું છે. પ્રવાસ વ્યવસ્થા શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી (જયપ્રીત) ને સોંપાયેલ છે.

## વતનના વહેણ...

કચ્છ જીલ્લા પાંજરાપોળ-ગૌશાળા સંગઠન દ્વારા કચ્છની ૮૧ પાંજરાપોળ-ગૌશાળાના ૭૨ હજાર જેટલા અબોલ પ્રાણીઓ માટે અછતગ્રસ્ત અને કાળઝાળ ગરમીમાં ઘાસચારો અને પાણીની સુલભ વ્યવસ્થા કરવા હાર્દિક અપીલ કરાઈ છે.

વિશેષતઃ સર્વે ધાર્મિક-સામાજિક- સાર્વજનિક કામોમાં અને સર્વે પહેડી પ્રસંગે જીવદયા ફંડ અવશ્ય કરાવવા અપીલ કરાઈ છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**લક્ષ્મીબેન ઝેડ. મોતા** — ૨૦૪, એસ. કે. પ્રાઈડ, રીજન્સી એસ્ટેટ પાસે, દાવડી, ડોંબીવલી (ઈ) ૪૨૧૨૦૩
ફોન : 9029267367 / 9820267367

**નયન પિતાંબર ખોના** — સી-૨૦૨, ગજાનન પ્લોટ-૬૩, સેક્ટર ૮એ, એરોલી, નવી મુંબઈ-૪૦૦૭૦૮
ફોન : 9920364030 / 9320407001

**ખુશાલ મુલજી દંડ** — ૧૩, ધુમ્રવર્ણ બિલ્ડીંગ, ૨જે માળે, જોશીવાડી, ગુપ્તે રોડ, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨

**જ્યોત્સના વીરેન્દ્ર મોમાયા** — ૨૦૨, સુંદરા આઈ આર્કેડ, બિલ્ડીંગ-૧, કોપર ક્રોસ રોડ, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨
ફોન : 9322155331

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૯.૦૧.૧૩ | ડોંબીવલી | RALA010304 | યુક્તિ-વૈશાલી/હેમાંગ અશોક લાલકા | રંગપુર | કન્યા |
| ૧૫.૦૧.૧૩ | બેંગલોર | CDDH010803 | સિદ્ધાંત-વિક્રાંત વનપાલ ધરમશી | છાદુરા | પુત્ર |
| ૦૪.૦૪.૧૩ | મસ્જીદબંદર | NLNG530203 | જીઆન-કૃપા/વિશાલ પ્રફુલ નાગડા | નલીયા | પુત્ર |

### સગપણ



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૦૪.૧૩ | ડોંબીવલી | NLMO011903 | નિખિલ વીરેશ ભવાનજી મોમાયા | નલીયા | ૩૨ |
| | મુલુંડ | SUDD040403 | ખુશ્બુ હર્ષદ શનિલાલ દંડ | સુથરી | ૨૯ |
| ૧૫.૦૪.૧૩ | ડોંબીવલી | VVLO130704 | રૂપેશ મણીલાલ લખમશી લોડાયા | વારાપધર | ૨૮ |
| | હુબલી | A | લતા શંકરપ્પા સીતીમાને | હુબલી | ૨૦ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૯.૦૩.૧૩ | બીજાપુર | KRDH020201 | કેતક લક્ષ્મીચંદ વીશનજી ધરમશી | કોઠારા | ૫૫ |
| | થાણા | SIM0090402 | પુજા (પુષ્પા) જેઠાભાઈ પુનશી મોમાયા | સાંધવ | ૫૫ |
| ૦૪.૦૪.૧૩ | ઘાટકોપર | NLKG060504 | મિતલકુમાર નવીનચંદ્ર હીરજી ખોના | નલીયા | ૨૬ |
| | ડોંબીવલી | KBL0051105 | હીરલ રમેશ રતીલાલ લોડાયા | મોટીખાવડી | ૨૪ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧.૦૩.૧૩ | રાયચુર | VRMO150201 | દામજી કુંવરજી ગોવિંદજી મોમાયા | વરાડીયા | ૬૨ |
| ૧૩.૦૪.૧૩ | ગાંધીધામ | MJLO020201 | હરેશ વેલજી મેઘજી લોડાયા | મંજલરેલડીયા | ૪૭ |
| ૧૪.૦૪.૧૩ | મુલુંડ | RADH010102 | નિર્મલા જેઠાલાલ લાલજી ધરમસી | રંગપુર | ૭૩ |
| ૧૬.૦૪.૧૩ | અમદાવાદ | VRDD012402 | સરલાબાઈ તારાચંદ માણેકજી દંડ | વરાડીયા | ૬૨ |
| ૧૭.૦૪.૧૩ | હૈદરાબાદ | VVL0060201 | રમેશચંદ્ર પ્રેમજી લાલજી લોડાયા | વારાપધર | ૮૧ |



ABDASA (KACHCHH) GAUSHALA TRUST
(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)
C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in


સંઘવત્સલા પૂ.સા.શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા.ના કાળધર્મથકી ગચ્છ અને જ્ઞાતિએ એક ગૌરવરત્ન ગુમાવેલ છે. પુજ્યશ્રીનો આત્મા શીઘ્રતયા મુક્તિપદ પામે એજ પ્રાર્થનાસહ સદ્‌ગતને ભાવાંજલિ...
-"તન-મન" પરિવાર


SHIKHARJI Continental
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ
૨૭/૧૦/૧૯૩૩

અરિહંતશરણ
૦૯/૦૪/૨૦૧૩

## શ્રી ખીમજી કરમશી શાહ (લોડાયા)
(મોટી ખાવડી-મુલુંડ)

જીવન એવું જીવી ગયા કે જોનારા જોતા રહ્યા,
સત્કાર્યો એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુ:ખથી કદી ડર્યા નહીં, સુખથી કદી છલકાયા નહીં,
વ્યવહાર કદી ચૂક્યા નહીં, ધર્મ કદી ભૂલ્યા નહીં,
કુટુંબ ભાવનાથી સૌના હૃદયમાં વસતા રહ્યાં,
આવ્યું તેડું પ્રભુનું અણધાર્યુ ને સૌને રડતાં મૂકતાં ગયા,
આપનો સદાય હસતો ચહેરો આમ ખામોશ થઈ જશે ક્યાં ખબર હતી !
સદ્ગત આત્માને પ્રભુ પરમ શાંતિ આપે અને
શીઘ્રતયા મુક્તિપંથના રાહી બનાવે એવી પ્રાર્થના...

### શોકમગ્ન પરિવાર

પત્ની : **જયવંતીબેન**

પુત્ર-પુત્રવધુ : **ગિરીશ-સંધ્યા, મહેશ-નૂતન, બંકીમ-રીટા, મુકેશ-ગીતા.**

પૌત્ર-પૌત્રી : **પ્રિતેશ, ભક્તિ, ઉર્વેશ, કિંજલ, કુનાલ અને દૃષ્ટી**

### ઋણ સ્વીકાર

અમારા પરિવારના આધારસ્તંભ સમા શ્રી ખીમજી કરમશી લોડાયા તા. ૯.૪.૨૦૧૩ના રોજ અરિહંતશરણ પામેલ. તેમની અંતિમયાત્રા સમયે ભાવયાત્રા તથા નિવાસસ્થાને રૂબરૂ દિલાસોજી આપવા પધારેલા સર્વ સગા-સંબંધીઓ, કૌટુંબિક મિત્રો, વ્યાપારીઓ, વિવિધ સંસ્થાના આગેવાનો તેમજ ટેલિફોન, ઈ-મેઈલ તથા SMS દ્વારા શોકસંદેશાઓ મોકલનાર સર્વ હિતેચ્છુઓના અંત:કરણપૂર્વક સાભાર ઋણી છીએ.

**સ્વ. કરમશી વીરપાર લોડાયા પરિવાર (મોટી ખાવડી)**
**સ્વ. ટોકરશી પદમશી ધરમશી પરિવાર (નાની ખાવડી)**

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 • day of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ગોએરસમા (કચ્છ)માં ચંદ્રપ્રભુ જિનાલયની વર્ષગાંઠે ધ્વજારોહણ લાભાર્થી શ્રી અશોક લાલજી પોલડીયા પરિવાર (જલગામ)


શિખરજીની પૂજા કરતા સૌ. ભાગ્યશ્રી, રોનક, સાધનાબેન અને અશોક પોલડીયા પરિવાર


ધ્વજારોહણ પ્રસંગે વિધિવત જુની ધ્વજા ઉતારતા લાભાર્થી પોલડીયા પરિવાર


નવી ધ્વજા લહેરાવતા શ્રી રોનક અને શ્રી અશોક લાલજી પોલડીયા


નવી ધ્વજા સાથે શ્રી રોનક અશોક પોલડીયા


શાંતિકળશના લાભાર્થી સૌ. ભાગ્યશ્રી અને રોનક પોલડીયા


નૂતન ધ્વજારોહણ પ્રસંગે લાભાર્થી પરિવાર અને શ્રાવકગણ


નૂતન ધ્વજારોહણ પ્રસંગે પૂજન વિધીમાં પ્રવૃત્ત લાભાર્થી પરિવાર અને શ્રાવકગણ

## સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા વડોદરામાં યોજાયેલ


KDOBUDS બાળ સંસ્કરણ શિબિરમાં સહભાગી બાળકો

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-ભાંડુપનું ગૌરવ હાર્દિક અભિનંદન-અનુમોદના

પાંચ પ્રતિક્રમણ, ચૈત્યવંદન અને ગુરૂવંદન વિધિમાં ઉત્તીર્ણ બાળકો


વૈભવ લોડાયા


ધરમ લાલકા


જિનાંગી મૈશેરી


જીયા મોમાયા


ક્રિશા દંડ


વિરતી લોડાયા

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**